રાઠવા સમાજનાં લગ્નગીતો

(ભાગ-૨)

સંકલન

નીતા રાઠવા | નારણ રાઠવા | વીકેશ રાઠવા

ભાષા સંશોધન પ્રકાશન કેંદ્ર

વડોદરા

Marriage Songs of the Rathwas

(Part-2)

Compiled by

Nita Rathwa, Naran Rathwa, Vikesh Rathwa

સંકલન : નારણ રાઠવા, વીકેશ રાઠવા, નીતા રાઠવા

મુખપૃષ્ઠ : દેસીંગ રાઠવા

અક્ષરાંકન : સંજય રાઠવા

મુદ્રણ સજ્જા : નિરજ કેંગે

પ્રકાશક :



ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર
૬૨, શ્રીનાથ ધામ સોસાયટી, શ્રીનગર સોસાયટી સામે
દિનેશ મિલ પાછળ, વડોદરા
ફોન નં. : ૦૨૬૫- ૨૩૩૧૯૬૮



મુદ્રક : શિવમ્ ઑફસેટ, વડોદરા

આ પુસ્તકના પ્રકાશન માટે આદિજાતી મંત્રાલય, ભારત સરકાર તરફથી 'સેન્ટર ઑફ એકસિલેન્સ' પ્રકલ્પ હેઠળ અનુદાન મળેલ છે.

(વિના મુલ્ય વિતરણ માટે)

અનુક્રમણિકા

આભાર દર્શન

રાઠવા સમાજનાં યુવાન ભાઈઓ-બહેનો વગર આ પુસ્તકનો જન્મ શક્ય ન હતો. લગ્નગીતોના ખૂબ શોખીન એવાં ભાઈઓ-બહેનોના સક્રિય સહકારથી જ આ પુસ્તક અસ્તિત્વમાં આવ્યું છે. તેથી તેઓ જ વાસ્તવમાં આ પુસ્તકના લેખક ગણાય. ઘણા વર્ષોથી તેમની સાથે મારી ગાઢ મિત્રતા રહી છે. એ હું ક્યારેય નહીં ભૂલું. એમનો ઋણ સ્વીકાર નામ સહિત હું કરું છું.

તેજગઢ વિસ્તાર

નામ	ગામ
૧. રાઠવા ભાવસીંગભાઈ વરસનભાઈ	દેવલિયા
૨. રાઠવા ઝીણાભાઈ દલસુખભાઈ	અછાલા
૩. રાઠવા નગીનભાઈ જીરિયાભાઈ	હરદાસપુર
૪. રાઠવા શારદાબેન વરસનભાઈ	હરદાસપુર
૫. રાઠવા લલ્લુભાઈ ઝલુભાઈ	દેવલિયા
૬. રાઠવા રમીલાબેન રસિકભાઈ	કોરાજ
૭. રાઠવા રામસીંગભાઈ હસુભાઈ	પોટિયા

રંગપુર વિસ્તાર

૧. રાઠવા ચંપાબેન નાનસિંગભાઈ	રંગપુર-સઢલી
૨. રાઠવા શારદાબેન ખીમલાભાઈ	રંગપુર-સઢલી
૩. રાઠવા દેસીંગભાઈ ચીલિયાભાઈ	રંગપુર-સઢલી
૪. દિનકીબેન રાયસીંગભાઈ	રંગપુર-સઢલી

૫. ભન્તીબેન વીરસીંગભાઈ	રંગપુર-સઢલી
૬. કીડીબેન દેવજીભાઈ	રંગપુર-સઢલી
૭. બાવીબેન મેતાળભાઈ	રંગપુર-સઢલી
૮. ધાણકીબેન રાયસીંગભાઈ	રંગપુર-સઢલી
૯. મંગલીબેન ઢેડાભાઈ	રંગપુર-સઢલી
૧૦. હિંગલીબેન કીળિયાભાઈ	રંગપુર-સઢલી
૧૧. રાઠવા ટીનકીબેન માલસિંગભાઈ	રંગપુર-સઢલી

કવાંટ વિસ્તાર

૧. રાઠવા તનસીંગભાઈ - વાંટડા

૨. રાઠવા કુસુમબેન રેમતાભાઈ - ટંવા

પાવી જેતપુર વિસ્તાર

૧. રાઠવા મનહરભાઈ જીવનભાઈ - મોટી અમરોલ

૨. રાઠવા લખીબેન એચ- ગજરા

૩. રાઠવા નીતાબેન સુરેશભાઈ - મોટી અમરોલ

ઝોઝ વિસ્તાર

૧. રાઠવા ગીતાબેન તેલિયાભાઈ - ખોડીવલ્લી

૨. રાઠવા લીલાબેન હરિભાઈ- મલાજા

૩. રાઠવા શીલાબેન રૂપસીંગભાઈ - અલસીપુર

મારા કેટલાક ખાસ યુવાન શિક્ષિત મિત્રોને સાભાર સમરું છું. જેવા કે સંજયભાઈ બી રાઠવા, ભાવસીંગભાઈ વી. રાઠવા, વિકેશભાઈ બી. રાઠવા, મારાં ધર્મ પત્ની નામે રેવાબેન. એન રાઠવા તથા વિકેશભાઈ બી. રાઠવા અને નીતાબેન એસ. રાઠવા બન્ને મારી સાથે વાચા સંગ્રહાલય, તેજગઢમાં કામ કરે છે. તેથી તેઓ મારી સાથે જ

રહ્યાં છે. ખાસ કહું તો તેઓના સહકારથી આ પુસ્તક તૈયાર થયેલ છે. લગ્નગીતો અને પરંપરાગત વિધિવિધાન લખવામાં તેમજ પુસ્તકની તૈયારીમાં તેઓએ ઘણો જ સમય ફાળવ્યો છે. તેઓએ કરેલા સંકલન બાદ એમની સાથે બેસીને રહીને, ગાયને ઘણાં બધાં ગીતો જાતે સંકલન કરીને મૂકેલ છે. આ પરંપરાગત વિધિ વિધાન ચાર-પાંચ વિસ્તારનાં છે. એટલે થોડી ઘણી ગૂંચવણ પડતી હતી. પરંતુ ઉપરોક્ત મિત્રોએ ખાસ જહેમત ઉઠાવી તેથી તેને શક્ય બનાવ્યું.

આમ કંઠોપકંઠ રાઠવા પરંપરાગત લગ્નગીતો અને વિધિવિધાનને લખવાની પ્રક્રિયા લાંબી અને થોડી મુશ્કેલીભરેલી હતી. પણ તેનાં ફળો સાચે જ આનંદદાયક રહ્યાં. એનાથી મારી ધીરજ, કેળવણી અને આનંદમાં વૃદ્ધિ થઈ.

નારણ રાઠવા

આપણી વાત

આદિવાસી ભાઈઓ તથા બહેનો,

આપણા હાથમાં રાઠવા સમાજના લગ્નગીતોની નાની ચોપડી છે. તેને વાંચીએ, ગાઈએ તેમાં ખુબ મજાનાં ગીતો છે. આપણે ત્યાં અત્યાર સુધી આપણા સમાજનાં આપણી ભાષામાં, આપના રાગમાં કોઈ પુસ્તક લખાયું નથી. આ ગીતોમાં આપના સમાજના અને વિસ્તારના વિધિ પ્રમાણેનાં ગીતો છે. તેને આપણે સાચવી જીવંત રાખીએ.

આદિવાસી સમાજમાં લગ્નગીતો, તહેવારના ગીતો, વિધિઓ, મૌખિક પરંપરામાં રહેલુ સાહિત્ય છે. આદિવાસી સમાજમાં જે મૌખિક સ્વરૂપમાં ગવાય છે તે આદિકાળથી આજ દિન સુધી મૌખિક રીતે જીવિત સ્વરૂપમાં જોવા મળે છે. જેને દસ્તાવેજીકરણ કરવા પાછળનો મારો હેતુ ફિલ્મીગીતો, ડી.જે, ટી.વી, મોબાઈલ અને કોમ્પ્યુટરની દુનિયામાં ખોવાઈ ન જાય અને આપણને મળેલો વારસો ગુમાવી બેશીએ તે પહેલા આપણી સંસ્કૃતિ ટકાવવી તે આપણી ફરજ છે. આજે આદિવાસી લગ્નગીતો ખુબ ઓછા જોવા મળે છે. તેથી રાઠવા સમાજના લગ્નગીતો, વિધિઓ સંપૂર્ણ પણે ભુલાવાની અવસ્થામાં છે. તેનું દસ્તાવેજીકરણ કરવું ખૂબ જરૂરી છે. એ હેતુથી રાઠ વિસ્તારના લગ્નગીતો અહિં આપના હાથમાં અરીસા સમાન રાખેલ છે.

કહેવાતા ઉચ્ચ સમાજનું સાહિત્ય લેખિત સ્વરૂપમાં છે પરંતુ આપણા આદિવાસીઓનું સાહિત્ય મૌખિક પરંપરામાં સચવાયેલું છે. આજના વર્તમાન સમયમાં આપનું જે મૌખિક પરંપરાગત સાહિત્ય છે એ ઘણા ઓછા વ્યક્તિઓ પાસે જળવાઈ રહેલું છે. મૌખિક પરંપરામાં રહેલું સાહિત્ય પેઢી-દર પેઢી ચાલી આવતુ સાહિત્ય છે. આજના શિક્ષિત યુવાપેઢીઓમાં મૌખિક સાહિત્ય ઘણા ઓછા અંશે જોવા મળે છે. આપણા ગીતો વિધિ પ્રમાણે કયાં અને કયારે ગવાય છે તે આજના શિક્ષિત યુવા પેઢીને ખબર નથી. આદિવાસી સમાજનું મૌખિક પરંપરામાં જે સાહિત્ય છુપાયેલું છે

તેને દસ્તાવેજીકરણ કરી લેખિત સ્વરૂપ આપવું જેથી આજના શિક્ષિત ભાઈ-બહેનો તેમના મુખે જીવંત રાખે તેવા હેતુથી અમે 'રાઠવા સમાજનાં લગ્નગીતો' આપણી સમક્ષ મુકી રહ્યા છીએ.

ઓરંસગ નદી કિનારાની આજુબાજુ આ ગીતો-વિધિઓ વર્ષોથી ગવાતા રહેલા છે. રાણીકજલ, બાબોપિઠોરો, બાબોભેંહો, કનસરીમાતા, કલકીમાતા બધાએ કેટલાક ગીતો સાંભળ્યા હશે. આજે આ ગીતો લખાય ગયેલા છે. ઓરંસગ, નર્મદા, મહિ કિનારે-કિનારે તેમનો અવાજ ફરી-ફરી ઉઠતો રહેશે. બહેનો-ભાઈઓ મેળાઓમાં, તહેવારોમાં, ગોવાળમાં, ડુંગરો પર, નદીઓમાં, લગ્નપ્રસંગોમાં વાગતા ઢોલના તાલે નૃત્ય કરતા-કરતા આ ગીતો ગવાતા રહેશે ત્યારે આપના પૂર્વજો સાંભળતા રહેશે કે ઓછામાં ઓછું આપણી ભાષા, આપણા નાચણા, આપણા ગીતો, રીતરિવાજ પ્રમાણે વિધિઓ ટકી રહે, સંસ્કૃતિ જીવંત રહે, એજ વાત....

બહેનો આ ચોપડીમાં જુદા-જુદા વિસ્તારના લગ્ન-વિધિ પ્રમાણેના ગીતો આપ્યાં છે. તેમાં ત્રણ ભાગ છે.

પહેલાં ભાગમાં સોંગ ભરવાની વિધિ અને ગીતોથી લઈ ઉકેડી રમાડવાની વિધિ અને ગીતો નું વર્ણન કરેલ છે.

બીજા ભાગમાં માંડવાના દિવસે ગવાતા ગીતો અને માંડવામાં થતી સોંયતકની વિધિ ના ગીતો મુકેલ છે.

ત્રીજા ભાગમાં ગોત્રીજ પૂજવાની વિધિથી લઈ કન્યાને પરણીને ઘરમાં લાવતા સુધીની વિધિ અને ગીતો આ ભાગમાં મુકવામાં આવેલ છે.

ઉપરોક્ત ત્રણ ભાગની અલગ-અલગ પુસ્તીકાઓ તૈયાર કરેલ છે અને તેની સાથે ઓડિયોસીડી પણ તૈયાર કરેલ છે.

લગ્નગીતો-લગ્નવિધિઓનું મૌખિક પરંપરામાં રહેલ સાહિત્ય બહેનો-ભાઈઓના જીવન સાથે વણાયેલું છે. લોકકંઠે રમતું આ સાહિત્ય લેખિત સ્વરૂપથી અનોખું છે. કંઠોપકંઠ પરંપરા એ આદિવાસી સાહિત્યનું મુખ્ય લક્ષણ છે. જે બાપદાદાઓના જમાનાથી સમાજમાં મૌખિક વ્યવહારમાં ચાલતું આવ્યું છે. રાઠવી સાહિત્ય લેખિત સ્વરૂપમાં છે. કેટલાંક સર્જકોએ સર્જનાત્મક કામ પણ શરૂ કરેલ છે. રાઠવીના મૌખિક

સાહિત્યમાં લગ્નગીતો, લગ્નવિધિઓ હોળીગીતો, ઉજાણી દિવાસાનાં ગીતો, બાબા પિઠોરાના મંત્રો(ગીતો)માં સંસ્કૃતિ, સાહિત્ય અને ઇતિહાસ મળી આવે છે.

આશા છે કે આ સંકલન આપણા સમાજની મૌખિક પરંપરાને જીવંત રાખવા મદદરૂપ બનશે.

નીતા રાઠવા
નારણ રાઠવા
વીકેશ રાઠવા

માંડવાની વિધિ

માંડવાની વિધિમાં લાકડાની ચાર બેરો(થાંભલી) રોપી એની ઉપર વાંસના ડાંડા નાખે છે અને તેને આંબાના પાનના તોરણથી સજાવવામાં આવે છે.

માંડવાની વિધિ લગ્નના ત્રીજા દિવસે હોય છે. માંડવો તૈયાર કરવા માટે ફળિયાના ભાઈઓ ભેગા મળીને વહેલી સવારે જયાં ઝાડવાં હોય ત્યાં લાકડાં લેવા માટે જાય છે. લાકડાં લાવી માંડવો બનાવે છે. તેમાં સાગનાં લાકડાં, ઉંબેરનાં લાકડાં, હમળીની કાંટાવાળી ચાર ડાળો લાવવામાં આવે છે અને માંડવાની ચારે થાંભલીની અંદર હમળાની ડાળો રોપવામાં આવે છે. ગામના વણકર માંડવાને લાલ-પીળાં તોરણ બાંધે છે. ત્યાર બાદ માંડવો લેવા ગયેલ ભાઈઓને જમવાનું આપે છે. આમ માંડવો તૈયાર થઈ ગયા પછી કન્યા કે વર માંડવાને વધાવે છે.

ઊંચા માંડવા રોચાવો નીચે ચકલી પડાવો મોરા રાજ
એમના મામા તેડાવો સાથે મામીઓ તેડાવો મોરા રાજ
લાડે ખોડે ભાણેજ પરણાવો મોરા રાજ
ઊંચા માંડવા રોચાવો નીચે ચકલી પડાવો મોરા રાજ
એમના બેનો તેડાવો સાથે બનેવી તેડાવો મોરા રાજ
લાડે ખોડે સાળી પરણાવો મોરા રાજ

ઊંચા માંડવા રોચાવો નીચે ચકલી પડાવો મોરા રાજ
એમના ફોયો તેડાવો સાથે ફુવા તેડાવો મોરા રાજ
લાડે ખોડે ભત્રીજ પરણાવો મોરા રાજ.

•

ઊંચા મંડપ નીચે ચાલવું રે
હમારા નોના ભાવસિંગભાઈ
તમારા પિતાને કેમ છોડવું રે
હમારા નોના ભાવસિંગભાઈ
પારકા સસરાને કેમ ઓરવું રે
હમારા નોના ભાવસિંગભાઈ
તમારાં માતાને કેમ છોડવું રે
હમારા નોના ભાવસિંગભાઈ
પારકી સાસુને કેમ ઓરવું રે
હમારા નોના ભાવસિંગભાઈ
તમારા બહેનોને કેમ છોડવું રે
હમારા નોના ભાવસિંગભાઈ
પારકી સારીઓને કેમ ઓરવું રે
હમારા નોના ભાવસિંગભાઈ

તમારા વીરાને કેમ છોડવું રે
હમારા નોના ભાવસિંગભાઈ
પારકા સાળાને કેમ ઓરવું રે
હમારા નોના ભાવસિંગભાઈ.

•

બેનીનો માંડવો ઘુઘરિયારો, ગુલાબ ઝેંપલવાળો રે
બેનીનો માંડવો ઘુઘરિયારો, ગુલાબ ઝેંપલવાળો રે
બેનીને માંડવે સવા બેનો આવે રમીલા કરોદિયન નય આવે
બેનીને માંડવે સવા વીરા આવે, નગીન કરોદિયો નય આવે
બેનીનો માંડવો ઘુઘરિયારો, ગુલાબ ઝેંપલવાળો રે
બેનીને માંડવે સવા બનેવી આવે, રમેશ કરોદિયો નય આવે
બેનીને માંડવે સવા બેનો આવે, કોકિલા કરોદિયન નય આવે
બેનીને માંડવે સવા ફુવા આવે, રામસીંગ કરોદિયો નય આવે
બેનીને માંડવે સવા ફોયો આવે, ચંપા કરોદિયન નય આવે
બેનીનો માંડવો ઘુઘરિયારો, ગુલાબ ઝેંપલવાળો રે
બેનીને માંડવે સવા મામા આવે, દલસુખ કરોદિયો નય આવે
બેનીને માંડવે સવા મામીઓ આવે, ઝમલી કરોદિયન નય આવે.

•

મંડપથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
વીરાથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
ભાભીઓથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
બેનોથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
મંડપથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
બનેવીથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
મંડપથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
કાકાથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
કાકીઓથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
ફોઈઓથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
ફૂવાથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
મામાથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
મામીઓથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો
મંડપથી દૂર કેમ ઊભા મારા નગીનભાઈ મંડપમાં આવો.

•

બેનીનો માંડવો છેલળિયારો, ચંપાને ફુલડે સાંયો રે
બેનીનો માંડવો ઘુઘળિયારો, ચંપાને ફુલડે સાંયો રે
બેનીને માંડવે સવાબેની આવે, લીલા કરોદિયન નઈ આવે


બેનીને માંડવે સવા ફોયો આવે, કોકલી કરોદિયન નઈ આવે
બેનીનો માંડવો છેલળિયારો, ચંપાને ફુલડે સાંયો રે
બેનીને માંડવે સવા ફુવા આવે, વીરસીંગ કરોદિયો નઈ આવે
બેનીનો માંડવો છેલળિયારો, ચંપાને ફુલડે સાંયો રે
બેનીને માંડવે સવા મામી આવે, રેવા કરોદિયન નઈ આવે
બેનીને માંડવે સવા મામા આવે, નારણ કરોદિયો નઈ આવે
બેનીનો માંડવો છેલળિયારો, ચંપાને ફુલડે સાંયો રે
બેનીને માંડવે સવા બનેવી આવે, સંજય કરોદિયો નઈ આવે
બેનીનો માંડવો છેલળિયારો, ચંપાને ફુલડે સાંયો રે.

•

ઊંચા મંડપ નીચે ચાલવું રે
મારાં નાનાં બેની બા
આપણા વીરાને કેમે છોડવું રે,
મારાં નાનાં બેની બા
પારકા દિયરને કેમે ઓરવું રે
મારાં નાનાં બેની બા
ઊંચા મંડપ નીચે ચાલવું રે
મારાં નાનાં બેની બા

આપણી બેનોને કેમે છોડવું રે
મારાં નાનાં બેની બા
પારકી નણંદોને કેમે ઓરવું રે
મારાં નાનાં બેની બા
ઊંચા મંડપ નીચે ચાલવું રે
મારાં નાનાં બેની બા.

•



મંડપ નીચે આંબો, આંબાની કેરી ઝુલે મોરા રાજ....
મંડપ નીચે મામા, મામાના ભાણેજ પરણે મોરા રાજ
મંડપ નીચે મામી, મામીના ભાણેજ પરણે મોરા રાજ
મંડપ નીચે આંબો આંબાની કેરી ઝુલે મોરા રાજ....
મંડપ નીચે કાકા, કાકા ના ભત્રીજી પરણે મોરા રાજ
મંડપ નીચે કાકી, કાકી ના ભત્રીજી પરણે મોરા રાજ

મંડપ નીચે ફુવા, ફુવાની ભત્રીજી પરણે મોરા રાજ
મંડપ નીચે ફોયો, ફોયોની ભત્રીજી પરણે મોરા રાજ
મંડપ નીચે આંબો , આંબાની કેરી ઝુલે મોરા રાજ
મંડપ નીચે બેનો, બેનોની બેની પરણે મોરા રાજ
મંડપ નીચે બનેવી, બનેવીની સારી પરણે મોરા રાજ
મંડપ નીચે આંબો , આંબાની કેરી ઝુલે મોરા રાજ.

•

બેનીનો માંડવો કોને લેવા જેલુ રે,
બેનીનો માંડવો શોભી રેલો રે...
બેનીનો માંડવો વીરા લેવા જેલા રે,
બેનીનો માંડવો શોભી રેલા રે...
બેનીનો માંડવો કાકા લેવા જેલા રે,
બેનીનો માંડવો શોભી રેલા રે....

•

ઊંચા મંડપ બંધાવો નીચે ચકલી મુકાવો
દલસા તો નગરીના લોકો
એમના મામા તેડાવો એમની મામીઓ તેડાવો
દલસા તો નગરીના લોકો

એમના ફુવા તેડાવો એમની ફોયો તેડાવો
દલસા તો નગરીના લોકો
ઊંચા મંડપ બંધાવો નીચે ચકલી મુકાવો
દલસા તો નગરીના લોકો
એમના બનેવી તેડાવો એમની બેનો તેડાવો
દલસા તો નગરીના લોકો.

•

બાગમાં બદામ રોપાવો બેની બા
બાગમાં બદામ રોપાવો બેની બા
બદામ નીચે મંડપ બંધાવો બેની બા
બદામ નીચે મંડપ બંધાવો બેની બા
મંડપ ઉપર માયક બંધાવો બેની બા
મંડપ ઉપર માયક બંધાવો બેની બા
મંડપ નીચે બેનોને બેસાડો બેની બા
મંડપ નીચે બેનોને બેસાડો બેની બા
મંડપ નીચે વીરોંને બેસાડો બેની બા
મંડપ નીચે વીરોંને બેસાડો બેની બા.

•

મંડપની બાર કેમ ઊભા મારાં કોકિલાબેન મંડપમાં આવો
વાલા બાપાને કેમ સોડયા રે, મારાં કોકિલાબેન મંડપમાં આવો
વાલા માતાને કેમ સોડયાં રે, મારાં કોકિલાબેન મંડપમાં આવો
વાલા બેનોને કેમ સોડયાં રે, મારાં કોકિલાબેન મંડપમાં આવો
વાલા વીરાને કેમ સોડયાં રે, મારાં કોકિલાબેન મંડપમાં આવો.

•

મંડપ ઉપર પોપટ કેવું બોલે, બોલવાનું મન થાય રે
કોરાજના વીરા કેવું બોલે, બોલવાનું મન થાય રે
તેજગઢના છોરા કેવું બોલે, હંસવાનું મન થાય રે
કોરાજની બેનો કેવું બોલે, બોલવાનું મન થાય રે
તેજગઢની છોરીઓ કેવું બોલે, હંસવાનું મન થાય રે.

•

લીલી તુવેર સૂકી તુવેર
તેનો ભારો બાંધ્યો મારોં બેની
અંય માતા તંય સાસુ
માતા ભૂલી જશો મારોં બેની
લીલી તુવેર સૂકી તુવેર
તેનો ભારો બાંધ્યો મારોં બેની

અંય વીરા તંય જેઠુ
વીરા ભૂલી જશો મારોં બેની
લીલી તુવેર સૂકી તુવેર
તેનો ભારો બાંધ્યો મારોં બેની
અંય ભાભી તંય દેરાણી
ભાભી ભૂલી જશો મારોં બેની
લીલી તુવેર સૂકી તુવેર
તેનો ભારો બાંધ્યો મારોં બેની
અંય બેની તંય નણંદી
બેની ભૂલી જશો મારોં બેની
લીલી તુવેર સૂકી તુવેર
તેનો ભારો બાંધ્યો મારોં બેની.

•

આંગણે રોપી તુલસી સેવા કોણ, પૂજા કોણ કરશે મારાં બેની
રોંડે જતા વીરાને આવો કોણ બેસો કોણ કેશે મારાં બેની
આંગણે રોપી તુલસી સેવા કોણ પુજા કોણ કરશે મારાં બેની
રોંડે જતા વીરાને ચા કોણ પાણી કોણ પાશે મારાં બેની
રોંડે જતાં બેનોને આવો કોણ બેસો કોણ કેશે મારાં બેની

આંગણે રોપી તુલસી સેવા કોણ પૂજા કોણ કરશે મારાં બેની.

•

બાગોમેં રઈલાં રે મનડાં, બગીચામાં રઈલા
બાપુને પૂછો રે વીરા વાડીમાં લગન લેતાં
માતાને પૂછો રે વીરા વાડીમાં લગન લેતાં
બાગોમેં રઈલા રે મનડા, બગીચામાં રઈલા.
બેનોને પૂછો રે વીરા વાડીમાં લગન લેતા
બાગોમેં રઈલા રે મનડા, બગીચામાં રઈલા
વીરોને પૂછો રે વીરા વાડીમાં લગન લેતા

•

એવુ કુંવરી ઘેલું શું બોલો જવું પડશે સાસરે મોરારાજ
એવો કુંવરી બાપુનો લાડ છોડી જવું સાસરે મોરારાજ
એવો કુંવરી માતાનો લાડ છોડી જવું સાસરે મોરારાજ
એવું કુંવરી ઘેલું શું બોલો જવું પડશે સાસરે મોરારાજ
એવો કુંવરી વીરાનો લાડ છોડી જવું સાસરે મોરારાજ
એવો કુંવરી ભાભીનો લાડ છોડી જવું સાસરે મોરારાજ
એવુ કુંવરી ઘેલું શું બોલો જવું પડશે સાસરે મોરારાજ
એવો કુંવરી કાકાનો લાડ છોડી જવું સાસરે મોરારાજ

એવો કુંવરી કાકીનો લાડ છોડી જવું સાસરે મોરારાજ
એવું કુંવરી ઘેલું શું બોલો જવું પડશે સાસરે મોરારાજ
એવો કુંવરી બેનોનો લાડ છોડી જવું સાસરે મોરારાજ
એવો કુંવરી બનેવી લાડ છોડી જવું સાસરે મોરારાજ
એવું કુંવરી ઘેલું શું બોલો જવું પડશે સાસરે મોરારાજ.

•

સરોવરની પાળે નિશાળો હો બેની તમે ભણવા ના જશો
ઘરે બેઠા બાપુ એકેલા હો બેની તમે સાસર ના જશો
ઘરે બેઠા માળી એકેલા હો બેની તમે સાસર ના જશો
સરોવરની પાળે નિશાળો હો બેની તમે ભણવા ના જશો
ઘરે બેઠા વીરા એકેલા હો બેની તમે સાસર ના જશો
ઘરે બેઠા ભાભી એકેલા હો બેની તમે સાસર ના જશો
સરોવરની પાળે નિશાળો હો બેની તમે ભણવા ના જશો
ઘરે બેઠા કાકા એકેલા હો બેની તમે સાસર ના જશો
ઘરે બેઠા કાકી એકેલા હો બેની તમે સાસર ના જશો
સરોવરની પાળે નિશાળો હો બેની તમે ભણવા ના જશો

•

નાગરવેલના પાનમાં ગણેશ બેસાડયા

ગણેશને દેખીને વીરાનાં મનડાં આનંદમાં
બાપુએ વીરાને મંડપમાં બેસાડયા
બાપુને દેખીને વીરાનાં મનડાં આનંદમાં
માતાએ વીરાને મંડપમાં બેસાડયા
માતાને દેખીને વીરાનાં મનડાં આનંદમાં
ભાઈએ વીરાને મંડપમાં બેસાડયા
ભાઈઓને દેખીને વીરાનાં મનડાં આનંદમાં.

•

એકડો ભણ્યો બગડો ભણ્યો તગડામાં ફસાયા દેસીંગભાઈ
કોલેજ કરી એમ.એ. કરી બી.એડમાં ફસાયા દેસીંગભાઈ.

•

ઊંચા બંગલા ઉગમની બારી મારો બેની કયા વીરા આવશે
ઊંચા બંગલા ઉગમની બારી મારોં બેની કિરણ વીરા આવશે
ઊંચા બંગલા ઉગમની બારી મારોં બેની કઈ બેનો આવશે
ઊંચા બંગલા ઉગમની બારી મારોં બેની નીતાબેન આવશે
ઊંચા બંગલા ઉગમની બારી મારોં બેની કયા બનેવી આવશે
ઊંચા બંગલા ઉગમની બારી મારોં બેની સુરેશ બનેવી આવશે
ઊંચા બંગલા ઉગમની બારી મારોં બેની કયા મામા આવશે

ઊંચા બંગલા ઉગમની બારી મારોં બેની અશોક મામા આવશે
ઊંચા બંગલા ઉગમની બારી મારો બેની ક્ઇ મામી આવશે
ઊંચા બંગલા ઉગમની બારી મારો બેની ધણીમામી આવશે.

•

બેની આંબલી પીપેળી છોંયે રમતેલા
બેની બાપુ તે લાળે લડાવતેલા
બેની માળી તે લાડે લડાવતેલા
બેની આંબલી પીપેળી છોંયે રમતેલા
બેની વીરા તે લાળે લડાવતેલા
બેની ભાભી તે લાડે લડાવતેલા
બેની આંબલી પીપેળી છોંયે રમતેલા
બેની કાકા તે લાડે લડાવતેલા
બેની કાકી તે લાડે લડાવતેલા
બેની આંબલી પીપેળી છોંયે રમતેલા.

•

સેટે સાસેરી બેની કોને ઓરેલી
સેટે સાસેરી બેની કોને ઓરેલી
મેં નથી ઓયરી મારા બાપુએ ઓરેલી

મેં નથી ઓયરી મારી માતા ઓરેલી
સેંટે સાસેરી બેની કોને ઓરેલી
મેં નથી ઓયરી મારા વીરા ઓરેલી
સેંટે સાસેરી બેની કોને ઓરેલી
મે નથી ઓયરી મારી ભાભી ઓરેલી
સેંટે સાસેરી બેની કોને ઓરેલી
મેં નથી ઓયરી મારી કાકી ઓરેલી
સેંટે સાસેરી બેની કોને ઓરેલી
મેં નથી ઓયરી મારી ફોઈએ ઓરેલી
સેંટે સાસેરી બેની કોને ઓરેલી
મેં નથી ઓયરી મારા મામા ઓરેલી
સેંટે સાસેરી બેની કોને ઓરેલી.

•

એવું કુંવરી ઘેલું શું બોલો
જવું પડશે સાસરે મોરા રાજ
એવું રૂડું પિતાનું રાજ મૂકીને ન જવું સાસરે મોરારાજ
એવું રૂડો માડીનો લાડ મૂકીને ન જવું સાસરે મોરારાજ
એવું કુંવરી ઘેલું શું બોલો

જવું પડશે સાસરે મોરા રાજ
એવો રૂડો વીરાનો લાડ રે મૂકીને જવું પડશે સાસરે મોરારાજ
એવું કુંવરી ઘેલું શું બોલો
જવું પડશે સાસરે મોરા રાજ
એવો રૂડો કાકાનો લાડ રે મૂકીને જવું પડશે સાસરે મોરારાજ
એવો રૂડો કાકીનો લાડ રે મૂકીને જવું પડશે સાસરે મોરારાજ
એવું કુંવરી ઘેલું શું બોલો
જવું પડશે સાસરે મોરા રાજ.

•

લીલી તુવેર રાતું ફૂલ રે, વલિયારોં બેની
આપણા માડીનો ઘણો લાડ રે, વલિયારોં બેની
પારકી સાસુના ઘણા મેના રે, વલિયારોં બેની
આપણા બાપુનો ઘણો લાડ રે, વલિયારોં બેની
પારકા સસરાના ઘણા મેના રે, વલિયારોં બેની
આપણા વીરાનો ઘણો લાડ રે, વલિયારોં બેની
પારકા જેઠુના ઘણા મેના રે, વલિયારોં બેની
આપણાં ભાભીનો ઘણો લાડ રે, વલિયારોં બેની
પારકાં જેઠાણીના ઘણા મેના રે, વલિયારોં બેની

આપણા બેનોનો ઘણો લાડ રે, વલિયારોં બેની
પારકાં નણંદોના ઘણા મેના રે, વલિયારોં બેની
લીલી તુવેર રાતું ફૂલ રે, વલિયારોં બેની.

•

નદીઓમાં ઠંડક આવે ફરવાની કેવી મજા રે નારણભાઈ
હરદાસપુરાના વીરા બોલાવે બોલવાની કેવી મજા રે નારણભાઈ
તેજગઢના સાળા બોલાવે બોલવાની નથી મજા રે નારણભાઈ
હરદાસપુરની બેનો બોલાવે બોલવાની કેવી મજા રે નારણભાઈ
તેજગઢની છોરીઓ બોલાવે બોલવાની નથી મજા રે નારણભાઈ.

•

લીલાં રે પીળાં તોરણિયાં બંધાવો રે સાયબા
બેની પેણે લીલે માંડવે
સૂકાં રે સૂકાં તોરણિયાં બંધાવો રે સાયબા
લાડો પેણે સૂકે માંડવે.

•

બેન તમને તેડવા કોયે ના આવે
બેન તમને તેડવા કોયે ના આવે

વીરા સે એકલા ભાભી સે પારકી
બેન તમને તેડવા કોયે ના આવે
કાકા સે એકલાં કાકી સે પારકા
બેન તમને તેડવા કોયે ના આવે
બેન સે એકલાં બનેવી સે પારકા
બેન તમને તેડવા કોઈ ના આવે.

•

દરિયા ઊતરી પેલી પાર રે
એવળે છેટે બેની તારી સાસરી રે
નય આવે માતા નય આવે બાપુ
એવળે છેટે બેની તારી સાસરી રે
દરિયા ઊતરી પેલી પાર રે
એવળે છેટે બેની તારી સાસરી રે
નય આવે વીરા નય આવે ભાભી
એવળે છેટે બેની તારી સાસરી રે
દરિયા ઊતરી પેલી પાર રે
એવળે છેટે બેની તારી સાસરી રે
નય આવે કાકા નય આવે કાકી
એવળે છેટે બેની તારી સાસરી રે

દરિયા ઊતરી પેલી પાર રે
એવળે છેટે બેની તારી સાસરી રે
નય આવે બેની નય આવે બનેવી
એવળે છેટે બેની તારી સાસરી રે.

•

જજો લીલુડી બસમાં આવજો ગુલાબી બસમાં
એવું સુપર સાસર નઈ મળે લાલુભાઈ
જજો સાસુને ભારી આવજો માતાને ભારી
એવું સુપર સાસર નઈ મળે લાલુભાઈ
જજો લીલુડી બસમાં આવજો ગુલાબી બસમાં
એવું સુપર સાસર નઈ મળે લાલુભાઈ
જજો સસરાને ભારી આવજો પિતાને ભારી,
એવું સુપર સાસર નઈ મળે લાલુભાઈ
જજો સાળાને ભારી આવજો વીરાને ભારી,
એવું સુપર સાસર નઈ મળે લાલુભાઈ
જજો સાળીને ભારી આવજો બેનીને ભારી,
એવું સુપર સાસર નઈ મળે લાલુભાઈ.

•

બેનીની સાસેરી ઘણી દૂર રે વાટે દિવસ ઉગશે
બેનીને માતાનો ઘણો લાડ રે વાટે દિવસ ઉગશે
બેનીને પિતાનો ઘણો લાડ રે વાટે દિવસ ઉગશે
બેનીની સાસેરી ઘણી દૂર રે વાટે દિવસ ઉગશે
બેનીને વીરાનો ઘણો લાડ રે વાટે દિવસ ઉગશે
બેનીને ભાભીનો ઘણો લાડ રે વાટે દિવસ ઉગશે.

•

ટેબલ ઉપર લીંબુ લીંબાનો રંગ લીલો
શોખીન બેની ટિકિટ પર મારું નામ સે
પિતા નોકરી જશે ટિફિન જોઈને રડશે
શોખીન બેની ટિકિટ પર મારું નામ સે
માતા રસોઈ રાંધશે રસોડું દેખી રડશે
શોખીન બેની ટિકિટ પર મારું નામ સે
બેની પાણી ભરશે પાણી દેખી રડશે
શોખીન બેની ટિકિટ પર મારું નામ સે
વીરા કોલેજ જશે ચોપડા દેખી રડશે
શોખીન બેની ટિકિટ પર મારું નામ સે.

•

ગુલાબનું ફૂલ બેની પોણીમાં ખીલશે
ચિંતા ના કરશો બેની સુકાઈ જવાસે
ટિકિટ લઈ લો બેની પિચ્ચર જોવા
ચિંતા ના કરશો બેની સુકાઈ જવાસે
ગુલાબનું ફૂલ બેની પોણીમાં ખીલશે
ચિંતા ના કરશો બેની સુકાઈ જવાસે
રૂમાલ લઇ લો બેની બજાર ફરવા
ચિંતા ના કરશો બેની સુકાઈ જવાસે.

•

બેની ધૂળની ઢગલિયો મેં રમતેલા
બેની ધૂળની ઢગલિયો મેં રમતેલા
બેની બાપુની ઢગલિયો મેં રમતેલા
બેની સસરાતે શબદે રડાવશે રે
બેની સસરાનો લાડ નથી જાણે રે
બેની ધૂળની ઢગલિયો મેં રમતેલા
બેની માતાતે લાડે લડાવતેલાં
બેની સાસુ તો શબદે રડાવશે રે
બેની સાસુનો લાડ નથી જાણે રે

બેની ધૂળની ઢગલિયો મેં રમતેલા
બેની વીરાતે લાડે લડાવતેલા
બેની જેઠ તે શબદે રડાવશે રે
બેની જેઠનો લાડ નથી જાણે રે .

•

બેની અડુલેને-દડુલે રમતેલા,
બેની અડુલેને-દડુલે રમતેલા.
બેની માતાને જોઈ જોઈ હંસતેલા,
બેની સાસુને જોઈ જોઈ રડશો રે...
બેની પિતાને જોઈ જોઈ હંસતેલા,
બેની સસરાને જોઈ જોઈ રડશો રે...
બેની વીરાને જોઈ જોઈ હંસતેલા,
બેની દિયરને જોઈ જોઈ રડશો રે..
બેની ભાભીને જોઈ જોઈ હંસતેલા,
બેની દેરાણીને જોઈ જોઈ રડશો રે.

•

જોડુ જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે

જોડુ જોડુ રે કિયા બેનનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે શિલ્પાબેનનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે કિયા વીરાનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે વીરેન્દ્રભાઈનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે કિયા ભાભીનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે મેશલી ભાભીનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે કયા બેનપણીનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે રેખા બેનપણીનું જોડુ રે નદીની સાગર

નદીની કિનારે બંગલા બહું સારા રે
જોડુ જોડુ રે કિયા કાકાનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે કરશન કાકાનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહું સારા રે
જોડુ જોડુ રે કિયા કાકીનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે શારદાકાકીનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે કિયા બનેવીનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે અર્જુન બેનેવીનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે કિયા મામાનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે માનસીંગ મામાનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે
જોડુ જોડુ રે કિયા મામીનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે

જોડુ જોડુ રે શકુન્તલા મામીનું જોડુ રે નદીની સાગર
નદીની કિનારે બંગલા બહુ સારા રે.

•

ઓંબલા કોયલ બેની ઓંબલામાં બોલે
ઓંબલા કોયલ બેની ઓંબલામાં બોલે
બાપુનો લાળ બેની બજારો મે માલે
સસરાનોં મેનોં બેની ખેતરોમાં માલે
ઓંબલા કોયલ બેની ઓંબલામાં બોલે
માતાનો લાળ બેની બાગોમાં માલે
સાસુનોં મેણોં બેની કુવલિયો પર બોલે
વીરાનો લાડ બેની નિશાળોમાં માલે
જેઠુનોં મેણોં બેની કંપનીઓમાં માલે
ઓંબલા કોયલ બેની ઓંબલામાં બોલે
ઓંબલા કોયલ બેની ઓંબલામાં બોલે.

•

લીમડાનો ઠંડો પવન જાઈ રૂમાલ મારો ગુમતો જાય
પિતા જોડે હસ્તો દિવસ જાય રૂમાલ મારો ગુમતો જાય
સસરા જોડે રડતો દિવસ જાય રૂમાલ મારો ગુમતો જાય

લીમડાનો ઠંડો પવન જાઈ રૂમાલ મારો ગુમતો જાય
માતા જોડે હસ્તો દિવસ જાય રૂમાલ મારો ગુમતો જાય
સાસુ જોડે રડતો દિવસ જાય રૂમાલ મારો ગુમતો જાય
લીમડાનો ઠંડો પવન જાઈ રૂમાલ મારો ગુમતો જાય
વીરા જોડે હસ્તો દિવસ જાય રૂમાલ મારો ગુમતો જાય
દિયેર જોડે રડતો દિવસ જાય રૂમાલ મારો ગુમતો જાય
લીમડાનો ઠંડો પવન જાઈ રૂમાલ મારો ગુમતો જાય
બેનો જોડે હસ્તો દિવસ જાય રૂમાલ મારો ગુમતો જાય
નંણદો જોડે રડતો દિવસ જાય રૂમાલ મારો ગુમતો જાય
લીમડાનો ઠંડો પવન જાઈ રૂમાલ મારો ગુમતો જાય.

•

ઊચા ઊચા બંગલાને તેજગઢની બાગમાં
ફરતાં તમને જોયાં રે નીતાબેન
બાપુ કહેવાય પણ સસરા ના કહેવાય
કેતા શરમ આવે રે નીતાબેન
ઊચા ઊચા બંગલાને તેજગઢની બાગમાં
ફરતા તમને જોયાં રે નીતાબેન
માતા કહેવાય પણ સાસુ ના કહેવાય

કેતાં શરમ આવે રે નીતાબેન
ઊંચા ઊંચા બંગલા ને તેજગઢની બાગમાં
ફરતાં તમને જોયાં રે નીતાબેન
વીરા કહેવાય પણ દિયર ના કહેવાય
કેતાં શરમ આવે રે નીતાબેન
ઊંચા ઊંચા બંગલા ને તેજગઢની બાગમાં
ફરતાં તમને જોયાં રે નીતાબેન
બહેનો કહેવાય પણ નણંદો ના કહેવાય
કેતાં શરમ આવે રે નીતાબેન
ઊંચા ઊંચા બંગલા ને તેજગઢની બાગમાં
ફરતાં તમને જોયાં રે નીતાબેન.

•

બાગુમાં જયશું ફુલડાં કરમાશે, ઉનાળાનો તડકો લાગશે હો બેની
તમારી સાથે કયા વીરાને લેશો, રૂમાલોનો છોયળો કરશે હો બેની
બાગુમાં જયશું ફુલડાં કરમાશે, ઉનાળાનો તડકો લાગશે હો બેની
તમારી સાથે વિકેશ વીરાને લઈશું, રૂમાલોનો છોયડો કરશે હો બેની
બાગુમાં જયશું ફુલડાં કરમાશે, ઉનાળાનો તડકો લાગશે હો બેની
તમારી સાથે કયાં બેનીને લેશો, સાળીઓના છોયડા કરશે હો બેની

તમારી સાથે બજીબેનને લેશો, સાળીઓના છોયડા કરશે હો બેની
બાગુમાં જયશું ફુલડાં કરમાશે, ઉનાળાનો તડકો લાગશે હો બેની
તમારી સાથે કયાં ભાભીને લઇશું, છત્રીઓના છોયડા કરશે હો બેની
તમારી સાથે રેવા ભાભીને લઈશું, છત્રીઓના છોયડા કરશે હો બેની.

•

જતોંને વરતોં બેની વરતે છોંયે બેસજો
જતોંને વરતોં બેની વરતે છોંયે બેસજો
બેઠાને બેઠા બેની બાપુને વિચારજો
બેઠાને બેઠા બેની બાપુને વિચારજો
બેઠાને બેઠા બેની માતાને વિચારજો
બેઠાને બેઠા બેની માતાને વિચારજો
બેઠાને બેઠા બેની વીરાને વિચારજો
બેઠાને બેઠા બેની વીરાને વિચારજો
બેઠાને બેઠા બેની બેનોને વિચારજો
બેઠાને બેઠા બેની બેનોને વિચારજો
બેઠાને બેઠા બેની કાકાને વિચારજો
બેઠાને બેઠા બેની કાકાને વિચારજો
બેઠાને બેઠા બેની કાકીઓને વિચારજો
બેઠાને બેઠા બેની કાકીઓને વિચારજો

બેઠાને બેઠા બેની મામાને વિચારજો
બેઠાને બેઠા બેની મામીઓને વિચારજો
જતોંને વરતોં બેની વરતે છોંયે બેસજો
જતોંને વરતોં બેની વરતે છોંયે બેસજો.

•

ડુંગર કારો ડુંગર લીલો સમરે
બેની રે મારા બાપુ વિસારતાં ઘણું ખોટું લાગે
ડુંગર કારો ડુંગર લીલો સમરે
બેની રે મારાં માતા વિસારતાં ઘણું ખોટું લાગે
ડુંગર કારો ડુંગર લીલો સમરે
બેની રે મારા વીરા વિસારતાં ઘણું ખોટું લાગે
ડુંગર કારો ડુંગર લીલો સમરે
બેની મારા ભાભીઓ વિસારતાં ઘણું ખોટું લાગે
ડુંગર કારો ડુંગર લીલો સમરે
બેની રે મારા કાકા વિસારતાં ઘણું ખોટું લાગે
ડુંગર કારો ડુંગર લીલો સમરે
બેની રે મારાં કાકીઓ વિસારતાં ઘણું ખોટું લાગે
ડુંગર કારો ડુંગર લીલો સમરે
બેની રે મારા બેનીઓ વિસારતાં ઘણું ખોટું લાગે

ડુંગર કારો ડુંગર લીલો સમરે
બેની રે મારા બનેવી વિસારતાં ઘણું ખોટું લાગે
ડુંગર કારો ડુંગર લીલો સમરે
બેની રે મારાં બેનપણીઓ વિસારતાં ઘણું ખોટું લાગે
ડુંગર કારો ડુંગર લીલો સમરે
બેની રે મારાં ભાઈબંધો વિસારતાં ઘણું ખોટું લાગે.

•

ઝાઝા જારો મે જારુ એકેલુ રે, જારુ પડયું રે પરદેશ
બૈરા માતા તમારા રૂપિયા રે, કુંવરી પયડી રે પરદેશ
ઝાઝા જારો મે જારુ એકેલુ રે, જારુ પડયું રે પરદેશ
બૈરા પિતા તમારા રૂપિયા રે, કુંવરી પયડી રે પરદેશ
ઝાઝા જારો મે જારુ એકેલુ રે, જારુ પડયું રે પરદેશ
બૈરા વીરા તમારા ચોપડા રે, બેની પયડી રે પરદેશ
ઝાઝા જારો મે જારુ એકેલુ રે, જારુ પડયું રે પરદેશ
બૈરા બેની તમારી સારી બેડલી રે, બેની પડી રે પરદેશ
ઝાઝા જારો મે જારુ એકેલુ રે, જારુ પડયું રે પરદેશ
બૈરા પૂજારા તમારાં દાંપાં રે, દીકરી પડી રે પરદેશ
ઝાઝા જારો મે જારુ એકેલુ રે, જારુ પડયું રે પરદેશ

બૈરા ફુવા તમારા બેડિયા રે, ભત્રીજ પડી રે પરદેશ
ઝાઝા જારો મે જારુ એકેલુ રે, જારુ પડયું રે પરદેશ.

•

ટેબલ ઉપર લીંબુ, લીંબાનો રંગ લીલો
મારોં બેની જવું પડશે સાસરે
માતાની માયા છોડી, તમે સાસુની માયા ઝડપી
મારોં બેની જવું પડશે સાસરે
પિતાની માયા છોડી, તમે સસરાની માયા ઝડપી
મારોં બેની જવું પડશે સાસરે
ટેબલ ઉપર લીંબુ, લીબાનો રંગ લીલો
મારોં બેની જવું પડશે સાસરે
વીરાની માયા છોડી, તમે જેઠુની માયા ઝડપી
મારોં બેની જવું પડશે સાસરે
ભાભીની માયા છોડી, તમે જેઠાણીની માયા ઝડપી
મારોં બેની જવું પડશે સાસરે.

•

રોંડે રોંડે બાવરિયા રોચાવો કમુબેન
રોંડે રોંડે બાવરિયા રોચાવો કમુબેન

રોંડે રોંડે વીરાને મળી આવો કમુબેન
રોંડે રોંડે ટોકીઓ બંધાવો કમુબેન
સાથે વીરા આવશે તો પિચ્ચર જોવા જોઈશે કમુબેન
રોંડે રોંડે બેનીને મલી આવો કમુબેન
રોંડે રોંડે કુવલિયા ખોદાવો કમુબેન
સાથે બેની આવશે તો પાણી પીવા જોઈશે કમુબેન
રોંડે રોંડે બાવરિયા રોચાવો કમુબેન
સાથે વીરા આવશે તો દાતણ કરવા જોઈશે કમુબેન
રોંડે રોંડે બેનપણીને મળી આવો કમુબેન
રોંડે રોંડે હોટલો બંધાવો કમુબેન
સાથે બેનપણીઓ આવશે તો નાસ્તો કરવા જાઇશે કમુબેન
રોંડે રોંડે લીમડા રોપાવો કમુબેન
રોંડે રોડ ભાઈબંધોને મલી આવો કમુબેન
રોંડે રોંડે હાટો પડાવો કમુબેન
સાથે ભાઈબંધ આવશે તો રૂમાલો જોઈશે કમુબેન.

•

શેરીએ કોહુમડીનો છોંયો રે ગોરોં બેની
છોંયેલો નમી જેલો રે

નય આવે માતા ને પિતા ગોરોં બેની
છોંયેલો નમી જેલો રે
શેરીએ કોહુમડીનો છોંયો રે ગોરોં બેની
છોંયેલો નમી જેલો રે
નય આવે કાકા ને કાકીઓ ગોરોં બેની
છોંયેલો નમી જેલો રે
શેરીએ કોહુમડીનો છોંયો રે ગોરોં બેની
છોંયેલો નમી જેલો રે
નય આવે મામા ને મામીઓ ગોરોં બેની
છોંયેલો નમી જેલો રે
શેરીએ કોહુમડીનો છોંયો રે ગોરોં બેની
છોંયેલો નમી જેલો રે
નય આવે ફુવા ને ફોયો ગોરોં બેની
છોંયેલો નમી જેલો રે
શેરીએ કોહુમડીનો છોંયો રે ગોરોં બેની
છોંયેલો નમી જેલો રે
નય આવે વીરા ને ભાભી રે ગોરોં બેની
છોંયેલો નમી જેલો રે.

•

આગળ ડુંગળીનું ઝાડ છે પાછળ બાવળિયાનું ઝાડ સે
કેમ કરી જશો બેની પેલા રાજમાં
આગળ બાપુની જોડ છે પાછળ માતાની જોડ સે
કેમ કરી છોળી જશો બેની પેલા રાજમાં
આગળ ડુંગળીનું ઝાડ છે પાછળ બાવળિયાનું ઝાડ સે
કેમ કરી જશો બેની પેલા રાજમાં
આગળ વીરાની જોડ છે પાછળ ભાભીની જોડ સે
કેમ કરી છોળી જશો બેની પેલા રાજમાં
આગળ ડુંગળીનું ઝાડ છે પાછળ બાવળિયાનું ઝાડ સે
કેમ કરી જશો બેની પેલા રાજમાં

•

રોંડે રોંડે જાંબુ બેના જાંબુ ખાવા નઈ મળે
રોંડે રોંડે દોસ્તી બેના દોસ્તીમાં ફરવા નઈ મળે
રોંડે રોંડે ગાડીઓ બેના ગાડીઓમાં બેસવા નઈ મળે
રોંડે રોંડે વીરા બેના વીરામાં ફરવા નઈ મળે
રોંડે રોંડે બેનો બેના બેનોમાં ફરવા નઈ મળે
રોંડે રોંડે મામા બેના મામા ફરવા નઈ મળે
રોંડે રોંડે મામી બેના મામીમાં ફરવા નઈ મળે
રોંડે રોંડે જાંબુ બેના જાંબુ ખાવા નઈ મળે

રોંડે રોંડે કાકા બેના કાકામાં ફરવા નઈ મળે
રોંડે રોંડે કાકી બેના કાકીમાં ફરવા નઈ મળે
રોંડે રોંડે બેનપણી બેના બેનપણી સાથે ફરવા નઈ મળે
રોંડે રોંડે ભાઈબંધ બેના વીરામાં ફરવા નઈ મળે
રોંડે રોંડે જાંબુ બેના જાંબુ ખાવા નઈ મળે.

•

બેની ફરતી પાનડીયારો રૂમાલ બેની મારાં પરણે સે
બેનીના મામા હાલ્યાં ચાલ્યાં આવે રે, ભાણેજ એમનાં પરણે સે
બેનીના મામી હાલ્યાં-ચાલ્યાં આવે રે, ભાણેજ એમનાં પરણે સે
બેનીના વીરા હાલ્યાં-ચાલ્યાં આવે રે, બેની એમની પરણે સે
બેનીની ભાભીઓ હાલ્યાં-ચાલ્યાં આવે રે, નણંદી એમનાં પરણે સે
બેનીના કાકા હાલ્યાં-ચાલ્યાં આવે રે, ભત્રીજ એમનાં પરણે સે
બેનીની કાકીઓ હાલ્યાં-ચાલ્યાં આવે રે, ભત્રીજ એમનાં પરણે સે
બેનીની ફોઈઓ હાલ્યાં-ચાલ્યાં આવે રે, ભત્રીજ એમનાં પરણે સે
બેનીના ફુવા હાલ્યાં-ચાલ્યાં આવે રે, ભત્રીજ એમનાં પરણે સે.

•

આગળ રોઈપો ચંપો ને પાછળ રોઈપો મોગરો,
વચમાં ગુલાબ કેવું શોભે રે મંડપમાં...(૨)

આગળ બેઠા પિતા ને પાછળ બેઠાં માતા,
વચમાં બેની કેવાં શોભે રે મંડપમાં...(૨)
આગળ બેઠા વીરાને પાછળ બેઠી ભાભી,
વચમાં બેની કેવાં શોભે રે મંડપમાં...(૨)
આગળ બેઠા મામા ને પાછળ બેઠી મામીઓ,
વચમાં ભાણેજ કેવા શોભે રે મંડપમાં...(૨)

•

ખજૂરીની ઝાળમાં ફસાયરેલા બેની
હવે તમને કોન કેશે કુંવારાં મારોં બેની
વીરોંની જોડીમાં ફસાયરેલા બેની
હવે તમને કોન કેશે કુંવારાં મારોં બેની
બાઈબંધની જોડીમાં ફસાયરેલાં બેની
હવે તમને કોન કેશે કુંવારાં મારોં બેની
બેનોની જોડીમાં ફસાયરેલાં બેની
હવે તમને કોન કેશે કુંવારાં મારોં બેની.

•

વડુલાની ડાળી કેમ તોડી, વલીયારોં બેની
બાપુનોં ખેતરોં સુનોં પડશે, વલીયારોં બેની

ખેતર જશેને બાપુ રૂવશે, વલીયારોં બેની
વડુલાની ડાળી કેમ તોડી, વલીયારોં બેની
માડીની રસોયો સુની પડશે, વલીયારોં બેની
રસોયો મુકસેને માડી રૂવશે, વલીયારોં બેની
વડુલાની ડાળી કેમ તોડી, વલીયારોં બેની
વીરાનાં કપડાં સુનાં પડશે, વલીયારોં બેની
કપડાં ધોવશે ને વીરા રૂવશે, વલીયારોં બેની
વડુલાની ડાળી કેમ તોડી, વલીયારોં બેની
બેનીની સાથે કોન જશે, વલીયારોં બેની
બજાર જશે ને બેની રૂવશે, વલીયારોં બેની.

•

બાપુ ખેતર જશે વિચાર કરશે રે
મારાં કુંવરી હતીને ખેતરો ગોળતેલાં રે
માતા રસોઈ મૂકશે વિચાર કરશે રે
મારાં દીકરી હતી ને રસોઈ કરતેલાં રે
વીરા નિશાળ જશે, વિચાર કરશે રે
મારી બેની હતી ને કપડાં ધોવતેલાં રે
ભાભી કુવલિયે જશે વિચાર કરશે રે

મારાં નણંદી હતી ને પાણીલાં ભરતેલાં રે
કાકા બજાર જશે વિચાર કરશે રે
મારી ભત્રીજી હતી ને બજાર સાથે જતેલાં રે.

•

વારે તિવારે બાપુ તેડશે બધા દાળા નઇ તેડે રે
વારે તિવારે માળી તેડશે બધા દાળા નઈ તેડે રે
વારે તિવારે ભાયો તેડશે બધા દાળા નઈ તેડે રે
વારે તિવારે ભાભી તેડશે બધા દાળા નઈ તેડે રે.

•

બેનીને માળીનો ઘણો લાળ રે વાટે દિવસ ઉગશે
બેનીને બાપુનો ઘણો લાળ રે વાટે દિવસ ઉગશે
બેનીને ભાયાનો ઘણો લાળ રે વાટે દિવસ ઉગશે
બેનીને ભાભીનો ઘણો લાળ રે વાટે દિવસ ઉગશે
બેનીને મામાનો ઘણો લાળ રે વાટે દિવસ ઉગશે
બેનીને મામીઓનો ઘણો લાળ રે વાટે દિવસ ઉગશે
બેનીને માસીઓનો ઘણો લાળ રે વાટે દિવસ ઉગશે
બેનીને માસાનો ઘણો લાળ રે વાટે દિવસ ઉગશે.

•

કોયલ આંબલીમે રેતેલા, કોયલ કોં જઈને રેશો રે
કોયલ બાપુ વના દાડી ના રેતેલાં, કોયલ કોં જઈને રેશો રે
કોયલ માતા વના દાડી ના રેતેલાં, કોયલ કોં જઈને રેશો રે
કોયલ વીરા વના દાડી ના રેતેલાં, કોયલ કોં જઈને રેશો રે
કોયલ ભાભી વના દાડી ના રેતેલાં, કોયલ કોં જઈને રેશો રે
કોયલ આંબલીમે રેતેલાં, કોયલ કોં જઈને રેશો રે.

•

ભાઈબંધનું જોડું બેની છોડી મૂકવાનાં રે, છોડી મૂકવાનાં
સપનામાં આવે બેની રોજ રડાવે રોજ રડાવે
માડીનો લાડ બેની છોડી મૂકવાનાં રે, છોડી મૂકવાનાં
સપનામાં આવે બેની રોજ રડાવે રોજ રડાવે
પિતાનો લાડ બેની છોડી મૂકવાનાં રે, છોડી મૂકવાનાં
સપનામાં આવે બેની રોજ રડાવે રોજ રડાવે
વીરાનો લાડ બેની છોડી મૂકવાનાં રે, છોડી મૂકવાનાં
સપનામાં આવે બેની રોજ રડાવે રોજ રડાવે
ભાભીનો લાડ બેની છોડી મૂકવાનાં રે,છોડી મૂકવાનાં
સપનામાં આવે બેની રોજ રડાવે રોજ રડાવે
બેનોનો લાડ બેની છોડી મૂકવાનાં રે, છોડી મૂકવાનાં

સપનામાં આવે બેની રોજ રડાવે રોજ રડાવે.

•

કોયલ બોલી આંબાની ડાળ રે
કોયલ બોલી મન રિયા રે
બેનીનું કેવું બાપુ વિના ઘડી ના રમ રે
કોયલ બોલી મન રિયા રે
બેનીનું કેવું માડી વિના ઘડીના રમ રે
કોયલ બોલી મન રિયા રે
બેનીનું કેવું વીરા વિના ઘડીના રમ રે
કોયલ બોલી મન રિયા રે
બેનીનુ કેવુ બેનો વિના ઘડીના રમ રે
કોયલ બોલી મન રિયા રે
કોયલ બોલી આંબાની ડાળ રે
કોયલ બોલી મન રિયા રે.

•

બેની બાના ચૂડલા હું તો ભૂલી ગઈ બજારમાં
ભૂલી ગઈ બજારમાં ને પડી ગઈ વિચારમાં
બેની બાનાં ચૂડલા હું તો ભૂલી ગઈ બજારમાં

બેની બાના ભાભી હું તો ભૂલી ગઈ બજારમાં
ભૂલી ગઈ બજારમાં ને પડી ગઈ વિચારમાં
બેની બાનાં ભાભી હું તો ભૂલી ગઈ બજારમાં
બેની બાના હારલા હું તો ભૂલી ગઈ બજારમાં
ભૂલી ગઈ બજારમાં ને પડી ગઈ વિચારમાં
બેની બાના હારલા હું તો ભૂલી ગઈ બજારમાં
શકુબેનનાં બેની હું તો ભૂલી ગઈ બજારમાં
ભૂલી ગઈ બજારમાં ને પડી ગઈ વિચારમાં
બેની બાનાં સ્મિતાબેનને હું તો ભૂલી ગઈ બજારમાં.

•

મારોં બેન ઘરમાં જશેને બહાર નીકળે, કયા વીરોની વાયટો જુએ
મારોં બેન ઘરમાં જશેને બહાર નીકળે,રામલા વીરાની વાયટો જુએ
મારોં બેન ઘરમાં જશેને બહાર નીકળે, નરપત વીરાની વાયટો જુએ
મારોં બેન ઘરમાં જશેને બહાર નીકળે, કઈ બેનોની વાયટો જુએ
મારોં બેન ઘરમાં જશેને બહાર નીકળે, રાધા બેનીની વાયટો જુએ
મારોં બેન ઘરમાં જશેને બહાર નીકળે, માવલી બેનીની વાયટો જુએ.

•

બેન મારોં નોનેથી વીરામ ફરેલોં કે,બેન મારોં નોંનો કહેવાય
બેન મારોં નોનેથી બેનોમાં ફરેલોં કે, બેન મારોં નોંનો કહેવાય
બેન મારોં નોનેથી બાપુજોડે ફરેલોં કે, બેન મારોં નોંનો કહેવાય
બેન મારોં નોનેથી માતા જોડે ફરેલોં કે, બેન મારોં નોંનો કહેવાય.

•

કૂવાની કોંઠે બેની વડલો રોચાયવો
જતોં ને વરતોં બેની વડને છોંયે બેસજો
બેઠોં રે બેઠોં રે બેની પિતાને વિચારજો
જતોંને વરતોં બેની વડને છોંયે બેસજો
બેઠોં રે બેઠોં રે બેની માતાને વિચારજો
બેઠોં રે બેઠોં રે બેની વીરાને વિચારજો
બેઠોં રે બેઠોં રે બેની બેનોને વિચારજો
કૂવાની કોંઠેરે બેની વડલો રોચાયવો.

•

કૂવાને ટોળેલે પોપટ બેઠો મારોં ગોરોં બેન
બાપુનોં ખેતરોં કોણ ગોળશે મારોં ગોરોં બેન
હરસે ફરશે ન બાપુ રૂવશે મારોં ગોરોં બેન
માતાની રસોઈ કોણ મૂકશે મારોં ગોરોં બેન

રસોઈ મૂકસે ને માતા રૂવશે મારોં ગોરોં બેન
વીરાનાં કપડાં કોણ ધોવશે મારોં ગોરોં બેન
કપડા ધોવશે ને વીરા રૂવશે મારોં ગોરોં બેન
ભાભીનોં કોંમોં કોણ કરશે મારોં ગોરોં બેન
કોંમોં કરશે ન ભાભી રૂવશે મારોં ગોરોં બેન
બેનોની સંગાથ કોણ ફરશે મારોં ગોરોં બેન
બજાર જશેને બેનો રૂવશે મારોં ગોરોં બેન.

•

નદી કિનારે વીરા પતંગો ઉડાળે
નદી કિનારે વીરા પતંગો ઉડાળે
આયવા પવનના ઝોલા દોરો સંભાળ
મારા વીરા પતંગો ઉડાળે
કોતેડાની ઘેડે છોરી પોઈડોં ઉડાળે
કોતેડાની ઘેડે છોરી પોઈડોં ઉડાળે
આયવા ભૂતિયાના ઝોલા ફેળિયો સંભાળ
હેલી છોરી પોઈડોં ઉડાળે.

•

એવડા ના દુર બેની એવડા ના દૂર રે બેની
ગાડી છેડે બેસો બેની ગાડી છેડે બેઠા રે.

•

બાપો ની સોડુ બેની બાપો ની સોડુ રે
માડી ની સોડુ બેની માડી ની સોડુ રે
વીરા ની સોડુ બેની વીરા ની સોડુ રે
બેનો ની સોડુ બેની બેનો ની સોડુ રે.

•

કાળી રે કોયલ રે તમુ રણા વદડામે શું કરો
ગોરા રે બેન રે તમુ રણા વદડામે શું કરો
કાળા રે લાડા રે તમું કવેસળા મે શું કરો

•

સૂરજ ઉગશે ચીરણ આવશે
બાપો કેઇ મારા ભાતા કોણ લાવસે
સૂરજ ઉગશે ચીરણ આવશે
માડી કેઈ ખેતરે કોણ જશે
ભાઈ કેઈ મારાં કપડાં કોણ ધોવસે

સૂરજ ઉગશે ચીરણ આવશે
ભાભી કેઈ ઘરનોં વાસીદોં કોન ભરશે
સૂરજ ઉગશે ચીરણ આવશે.

•

બાપાની દીકરી હાથેમેનું કામ લેતેલા રે
કાલે કોણ લેશે રે
માડીની દીકરી હાથેમેનું કામ લેતેલા રે
કાલે કોણ લેશે રે.

•

વાળા મે મેથલી રે બેની વાયદે વેલા આવજો
ભાઇયો સે એખલોં રે બેની વાયદે વેલા આવજો
ભાભી સે એખલોં રે બેની વાયદે વેલા આવજો
બાપુ સે એખલોં રે બેની વાયદે વેલા આવજો
માતા સે એખલોં રે બેની વાયદે વેલા આવજો.

•

ઊંડો કુવો પાણીલા બતાવે મારે
કોકિલા બેન મનમે વિચારે

છેટે કૂવો પાણીલા ભરવા મોકલે મારે
કોકિલાબેન મનમેં વિચારે
ટૂકી સે રાસોને ઊંડો સે કૂવો મારે
કોકિલાબેન મનમેં વિચારે
કોકિલાબેનના નાકની જેડ ખોવાયજેલી
જેડ ખોવાય જેલી, પડ્યાંરે વિચારમેં
કોકિલાબેનના પગનાં ઝાંઝર ખોવાયજેલાં
ઝાંઝર ખોવાય જેલાં, પડયારે વિચાર મેં
કોકિલા બેનની ઘડિયાલની ચાવી ખોવાય જેલી
ચાવી ખોવાય જેલી, પડ્યા રે વિચાર મેં.

•

બેની રે હાથમેં રૂમાલને વાયે ઉળિયા રે
મોવાસી બેની પરણે સે
બેની રે માથે બેડુને વાયે ઉળિયા રે
મોવાસી બેની પરણે સે

•

લીલી સે લીમડી બેના પાના ગરી પળશે
બેના લીલા લેર લીંબડી

બાપો સે એખલો બેનાં પાના ગરી પડશે
બેના લીલા લેર લીંબડી
માળી સે એખલોં બેનાં પાના ગરી પડશે
બેના લીલા લેર લીંબડી
વીરો સે એખલો બેનાં પાના ગરી પડશે
બેના લીલા લેર લીંબડી
ભાભી સે એખલોં બેના પાના ગરી પડશે
બેના લીલા લેર લીંબડી.

•

પેટી મે હીર દોરો રે કોકિલાબેન
એક વાર સુરત જજો રે કોકિલાબેન
પેટી મે હીર દોરો રે કોકિલાબેન
એક વાર સુરત જજો રે
પેટીમેં હીર ઝાંઝર રે કોકિલાબેન
એક વાર સુરત જજો રે.

•

એકે દરિયામાં ફરતુ કમળ રે
કમળ ઉપર દિલ ગયું

એક વાટકામાં કયાભાઇનું જોડુ રે

જોડા ઉપર દિલ ગયું

એક વાટકામાં દિનેશભાઇનું જોડુ રે

જોડા ઉપર દિલ ગયું

એક વાટકામાં કયાબેનનું જોડુ રે

જોડા ઉપર દિલ ગયું

એકે વાટકામાં રૂપલીબેનનું જોડુ રે

જોડા ઉપર દિલ ગયું.

•

કોયલડી વનમે વિચારે બાજા વાગે

કોયલડી બાગુ મેં બેઠી વિચારે બાજા વાગે

કોયલડી નિશાળે જઈ બેઠી વિચારે બાજા વાગે

કોયલડી ખેતરે જઈ બેઠી વિચારે બાજા વાગે.

•

રૂમડિયા સેટી સાસરી કોકિલાબેન

તેળવા કોઇ નઈ આવે કોકિલાબેન

બાપુસે એકલા માળી સે એકલી કોકિલાબેન

તેળવા કોઈ નઈ આવે કોકિલાબેન

વીરા સે આપણા ભાભીસે પારકા કોકિલાબેન
તેળવા કોઈ નઈ આવે કોકિલાબેન.

•

ઝાંપે ચડીને નીચે ઉતરિયાં ઓ મારાં બેના.

•

ચોખા સરખી કણકી રે ડુંગર ફરવા જાય
ચોખા સરખી કણકી રે ડુંગર ફરવા જાય
તેજગઢની બેનો હાથમાં રૂમાલ બેનો બજાર ફરવા જાય
કોરાજના છોરા હાથમાં લાકડી ડોંબો ચારવા જાય સે
તેજગઢની બેનો હાથમાં વીટી બેનો પિચ્ચર જોવા જાય
કોરાજના છોરા રે હાથમાં ટિકિટ લઈ બજાર ફરવા જાય
ચોખા સરખી કણકી રે નદીએ ફરવા જાય
કોરાજના છોરા રે હાથમાં ચોપડી લઈને નિશાળ ભણવા જાય
તેજગઢની છોરીઓ માથે ટોપલો લઈને છોણોં વિણવા જાય.

•

નજરી ચારુ રેલા મારા બેન ભુમાડા મામા કેરુ આવે
લીલો પીળો માંડવો રચાવો સો કિયા સે નંદવો

ભુમાડા થા મામા નડાવો સો કિયા નંદવો.

•

ઘુઘરિયાળાં બાયણાં ખોલો બેની
મામા આવે માંડવે બેસાડો.

•

બેની તારા મામા કેટલે આવો રે
આવતા આવતા કોતેડામે માછલા મારે રે
ઘરમે ઘાલીને દારૂ પાયો રે મામાને નોતરેલા રે.

•

સાડાબાર વાગ્યા લા મામા સાડાબાર
ચાની ટેમ આવીલા મામા ચાની ટેમ
દેગડી મે દારૂ ભૂલી આયા લા મામા.

•

સાસેરિયાની વાટેરે બેની કુવેલિયા ખોદો
સાસેરિયાની વાટેરે બેની કુવેલિયા ખોદો
જાતા ને વળતા બેની પાણીલા પીજો
જાતા ને વળતા બેની પાણીલા પીજો

સાસેરિયાની વાટેરે બેની જાંબુડા થાણો
સાસેરિયાની વાટેરે બેની જાંબુડા થાણો
જાતા ને વળતા બેની સાંયલો લીજો
જાતા ને વળતા બેની સાંયલો લીજો.

•

રે બેની ભાવસીંગ ભાયાનો જોડો કેમ સોડિયો
રે બેની દિનેશ ભાયાનો જોડો કેમ સોડિયો રે
રે બેની ચંદિયા કાકાનો જોડો કેમ સોડિયો રે
રે બેની રાધાબેનીનો જોડો કેમ સોડિયો રે
રે બેની કાન્તાબેનનો જોડો કેમ સોડિયો રે.

•

તારી જોડી જરીના રેતેલા તારી જોડી કેમ કરી રેછે રે
તારો દિનેશ જરીના રેતેલા તારો દિનેશ કેમ કરી રેછે રે
તારી રેવલી વગરની જરીના રેતેલા તારી રેવલી કેમકરી રે છે રે.

•

હાથ મે ચોપડી બેન કાયમ લેવાય
સાદા કપડા બેની કાયમ પેરાય

પીઠીયાળા કપડાનો સંગ બેની આજે લેવાય
નારિયળનો સંગ બેની આજે લેવાય.

•

આંબો ઉજો સકર પાલમે રે બેન સાસરે ના જાય
આવે દિનેશભાઇ મેલવા રે કોય તેળવા ના આવે.

•

ડુંગરના થરીયામે મોરસો ઝલા ઝલી થાય
બેની કેય મારે કોયે આવે.

•

ભાઈ તારી વાડીમા શેનો સે મોગરો
ભાઈ તારી વાડીમા શેનો સે મોગરો
વિકેશભાઈના લગનમાં બાપુ ના ઉજાગરા
વિકેશભાઈના લગનમાં માતા ના ઉજાગરા
ભાઈ તારી વાડીમાં શેનો સે મોગરો
વિકેશભાઈના લગનમાં કાકાના ઉજાગરા
વિકેશભાઈના લગનમાં કાકીઓના ઉજાગરા
ભાઈ તારી વાડીમાં શેનો સે મોગરો

ભાઈ તારી વાડીમાં શેનો સે મોગરો
વિકેશભાઈના લગનમાં બેનોના ઉજાગરા
વિકેશભાઈના લગનમાં બનેવીના ઉજાગરા
વિકેશભાઈના લગનમાં મામાના ઉજાગરા
ભાઈ તારી વાડીમાં શેનો સે મોગરો
વિકેશભાઈના લગનમાં મામીઓના ઉજાગરા
ભાઈ તારી વાડીમાં શેનો સે મોગરો
વિકેશભાઈના લગનમાં ફોઈના ઉજાગરા
વિકેશભાઈના લગનમાં ફુવાના ઉજાગરા
ભાઈ તારી વાડીમાં શેનો સે મોગરો
વિકેશભાઈના લગનમાં ફોઈના ઉજાગરા
વિકેશભાઈના લગનમાં સંજયના ઉજાગરા
વિકેશભાઈના લગનમાં ટીનાના ઉજાગરા
ભાઈ તારી વાડીમાં શેનો સે મોગરો.

•

બેનીની સાસેરી ઘણે દૂર રે
બેનીને વાટે દન બૂડી જાશે
બેનીને માડીનો ઘણો લાડ રે

બેનીને આવતે દન બૂડી જાશે
બેનીને બાપુનો ઘણો લાડ રે
બેનીને આવતે દન બૂડી જાશે
બેનીને વીરાનો ઘણો લાડ રે
બેનીને આવતે દન બૂડી જાશે
બેનીને ભાભીનો ઘણો લાડ રે
બેનીને આવતે દન બૂડી જાશે
બેનીને બેનોનો ઘણો લાડ રે
બેનીને આવતે દન બૂડી જાશે.

•

બાગો મે રેસો ફૂલડાં કરમાશે
ઉનાળાનો તડકો લાગસે હો બેની
તમારી સાથે કિયા બેનને લીજો
રૂમાલોનો સોંયડો કરસે હો બેની
તમારી સાથે નીતાબેનને લીજો
રૂમાલોનો સોંયડો કરસે હો બેની
બાગો મે રેસો ફુલડાં કરમાશે
ઉનાળાનો તડકો લાગસે હો બેની

તમારી સાથે કિયા વીરાને લીજો
રૂમાલોનો સોંયડો કરસે હો બેની
તમારી સાથે કનુ વીરાને લીજો
રૂમાલોનો સોંયડો કરસે હો બેની
બાગો મે રેસો ફુલડા કરમાસે
ઉનાળાનો તડકો લાગસે હો બેની.

•

ચિચોડના રોડે રિક્ષા જાય મારા વીરા
ચિચોડના રોડે રિક્ષા જાય મારા વીરા
એ રિક્ષામાં કોણ બેસી જાય મારા વીરા
એ રિક્ષામાં અર્જુન બેસી જાય મારા વીરા
તેજગઢની શેરીઓમાં ગાડાં જાઈ મારા વીરા
એ ગાડામાં કૈલાસ બેસી જાય મારા વીરા.

•

આપેણી જોવેલી વિકેશ સારી લાડી લાવેતા
બાપુની જોવેલી વિકેશ ડાહી લાડી સે
ડાહી લાડી સે રે વિકેશ સમજી જાજો.

•

રોડે રોડે જાજો વિકેશ રોડે રોડે આવઝો
ભાવસિંગ ઘણું કીધું વિકેશ તમે નથી જાણ્યું રે
બાપુ ઘણું કીધું વિકેશ તમે નથી જાણ્યું રે
માળી ઘણું કીધું વિકેશ તમે નથી જાણ્યું રે
ભાઈ ઘણું કીધું વિકેશ તમે નથી જાણ્યું રે
ભાભી ઘણું કીધું વિકેશ તમે નથી જાણ્યું રે
કાકા ઘણું કીધું વિકેશ તમે નથી જાણ્યું રે
કાકી ઘણું કીધું વિકેશ તમે નથી જાણ્યું રે
બહેન ઘણું કીધું વિકેશ તમે નથી જાણ્યું રે
બનેવી ઘણું કીધું વિકેશ તમે નથી જાણ્યું રે.

•

સોખો સરેખો સોખો રે વિકેશ ભાયા
તમારે સરેખો સોખો નઈ મળે
સોખો સરેખો સોખો રે વિકેશ ભાયા
તમારી સરખી લાડી નઈ મળે
સોખો સરેખો સોખો રે વિકેશ ભાયા
પિતા સરખા સસરા નઈ મળે
સોખો સરેખો સોખો રે વિકેશભાઈ

માતા સરખાં સાસુ નઈ મળે.

•

ડુંગર કોસાવુ રેલે બંધાવો, વિકેશ તારો સંજય રેલે રેલે આવે
ડુંગર કોસાવુ રેલે બંધાવો, વિકેશ તારો ભાવસિંગ રેલે રેલે આવે
ડુંગર કોસાવુ રેલે બંધાવો, વિકેશ તારી બહેન રેલે રેલે આવે
ડુંગર કોસાવુ રેલે બંધાવો, વિકેશ તારો બનેવી રેલે રેલે આવે
ડુંગર કોસાવુ રેલે બંધાવો, વિકેશ તારી ફોઈ રેલે રેલે આવે
ડુંગર કોસાવુ રેલે બંધાવો, વિકેશ તારા ફુવા રેલે રેલે આવે
ડુંગર કોસાવુ રેલે બંધાવો, વિકેશ તારા મામા રેલે રેલે આવે
ડુંગર કોસાવુ રેલે બંધાવો, વિકેશ તારી મામી રેલે રેલે આવે.

•

સુવે તે સપનાં ઘણાં આવે જાગે તે સરેતે નઈ આવે
આવો રૂડો ભાવસિંગનો લાડ રે વિકેશભાઈ
લાડ વિચારે તે ઘણું ખોટું લાગે
આવો રૂડો દેસિંગનો લાડ રે વિકેશભાઈ
લાડ વિચારે તે ઘણું ખોટું લાગે
આવો રૂડો બાપુનો લાડ રે વિકેશભાઈ
લાડ વિચારે તે ઘણું ખોટું લાગે

આવો રૂડો માતાનો લાડ રે વિકેશભાઈ
લાડ વિચારે તે ઘણું ખોટું લાગે
આવો રૂડો બહેનનો લાડ રે વિકેશભાઈ
લાડ વિચારે તે ઘણું ખોટું લાગે
આવો રૂડો બનેવીનો લાડ રે વિકેશભાઈ
લાડ વિચારે તે ઘણું ખોટું લાગે
આવો રૂડો મોંમાનો લાડ રે વિકેશભાઈ
લાડ વિચારે તે ઘણું ખોટું લાગે
આવો રૂડો મોંમીનો લાડ રે વિકેશભાઈ
લાડ વિચારે તે ઘણું ખોટું લાગે
આવો રૂડો ફોઈનો લાડ રે વિકેશભાઈ
લાડ વિચારે તે ઘણું ખોટું લાગે
આવો રૂડો ફુવાનો લાડ રે વિકેશભાઈ
લાડ વિચારે તે ઘણું ખોટું લાગે.

•

ઝીણી ઝીણી આંબેલીનું લાંબુ લાંબુ પાન વો
વિકેશ તારા પટેલ્યાને તેડી તેડી લાવેજો
ઝીણી ઝીણી આંબેલીનું લાંબુ લાંબુ પાન વો

વિકેશ તારા પૂજારોને તેડી તેડી લાવેજો
ઝીણી ઝીણી આંબેલીનું લાંબુ લાંબુ પાન વો
વિકેશ તારા ભાઈબંધને તેડી તેડી લાવેજો
ઝીણી ઝીણી આંબેલીનું લાંબુ લાંબુ પાન વો
વિકેશ તારી બહેનપણીને તેડી તેડી લાવેજો.

•

તેજગઢમાં આવા સિંતા આવે ઘેરે જવા સિંતા આવે
મારા વિકેશભાઈ ભાવસીંગનો લાડ
તેજગઢમાં આવવા સિંતા આવે ઘેર જવા સિંતા આવે
મારા વિકેશભાઈ સંજયનો લાડ.

•

ગામે ફરસોને સિમ્મા વચાર કરજો મારા
વિકેશભાઈ તારા હસમુખનો જોડો સોડી દીધા રે
ગામે ફરસોને સિમ્મા વચાર કરજો મારા
વિકેશભાઈ તારા વીરાનો જોડો સોડી દીધા રે
ગામે ફરસોને સિમ્મા વચાર કરજો મારા
વિકેશભાઈ તારી બેનોનો જોડો સોડી દીધા રે.

•

સામા બંગલામાં ટેપરેકડ વાગે સે
હમાર સંજયભાઈને અમરભાઈ બોલાવે સે
હમાર સંજયભાઈને હસમુખભાઈ બોલાવે સે
સામા બંગલામાં ટેપરેકડ વાગે સે
હમાર સંજયભાઈને જશોદાબેન બોલાવે સે
હમાર સંજયભાઈને બનેવી બોલાવે સે
હમાર સંજયભાઈને કાકા બોલાવે સે
હમાર સંજયભાઈને કાકીઓ બોલાવે સે
હમાર સંજયભાઈને મામા બોલાવે સે
હમાર સંજયભાઈને મામીઓ બોલાવે સે
હમાર સંજયભાઈને કલ્પેશભાઈ બોલાવે સે.

•

બાપુની બસને લીલો દરવાજો ડાયરેક ડેપોમાં જાય
માતાને મળવા હોય તો ડાયરેક ડેપોમાં જાય
બેનોને મળવા હોય તો ડાયરેક ડેપોમાં જાય
બાપુની બસનો લીલો દરવાજો ડાયરેક ડેપોમાં જાય
વીરાને મળવા હોય તો ડાયરેક ડેપોમાં જાય
ભાભીને મળવા હોય તો ડાયરેક ડેપોમાં જાય

બેનોને મળવા હોય તો ડાયરેક ડેપોમાં જાય
બનેવીને મળવા હોય તો ડાયરેક ડેપોમાં જાય.

•

કંટારીના જારામાં ફસાય રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
માતાના ખોળામાં રમી રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
પિતાના લાડમાં ઉશરેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
કંટારીના જારામાં ફસાય રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
વીરાના ટોળામાં ફરી રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
ભાભીના ટોળામાં ફરી રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
કંટારીના જારામાં ફસાય રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
બેનોના ટોળામાં ફરી રેલા વીરા

હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
બનેવીના ટોળામાં ફરી રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
કંટારીના જારામાં ફસાય રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
ભાઈબંધોની જોડે ફરી રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
બેનપણીઓની જોડે ફરી રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા
કંટારીના જારામાં ફસાય રેલા વીરા
હવે તમને કોન કેશે કુંવારા મારા વીરા.

•

બાપુ બરોડા નથી જયલો કુંવરબેન ... (૨)
માતા સાસર નથી જોયું રે કુંવરબેન
કેમ કરી વિજોલ વિસાયરુ
વીરા બરોડા નથી જોયું રે કુંવરબેન
કેમ કરી દોરો વસાવુ રે કુંવરબેન
બેનો બરોડા નથી જોયું રે કુંવરબેન

કેમ કરી સાડીયો વસાવો રે કુંવરબેન.

•

નદીઓમાં ઠંડક આવે ફરવાની કેવી મજા રે કુંવરબેન
વિજોલના વીરા બોલાવે બોલવાની કેવી મજા રે કુંવરબેન
અછાલાના છોરા બોલાવે બોલવાનું નથી મન રે કુંવરબેન
વિજોલની બેનો બોલાવે બોલવાની કેવી મજા રે કુંવરબેન
અછાલાની છોરીઓ બોલાવે બોલવાનું નથી મજા રે કુંવરબેન.

•

જજો લીલી બસમાં આવજો ગુલાબી બસમાં એવું
સુપર સાસર નય મળે કૈલાસબેન
જતા બાપુને ભાળે આવતા સસરાને ભાળે એવુ
સુપર સાસર નય મળે ગીતાબેન
જતા વીરાને ભાળે આવતા પઈનો ને ભાળે એવું
સુપર સાસર નય મળે ગીતાબેન
જતા બેનોને ભાળે આવતા નણદના ભાળે એવું
સુપર સાસર નય મળે ગીતાબેન.

•

આંબલાની ડાળે ચળી જુઓ રે, ગીતાબેન ફૂલો ગરી પડસે
વિનુ વીરાના હાથ ઝાલી રાખો રે, ગીતાબેન જોળુ છુટી જશે
નીતા બેનનો હાથ ઝાલી રાખો રે, ગીતાબેન જોળું છુટી જશે.

•

નીતાબેન બજાર જશે સંગાથ કોન જશે ગીતાબેન
કોકિલાબેન સાડીઓ લેશે પસંદ કોન કરશે ગીતાબેન
વિનુ વીરો રૂમાલ લેશે પસંદ કોણ કરશે ગીતાબેન.

•

બેનના આંગણે લીલી લીમડી મારા સાયરામ
સાઇકલનો શોખે ન કરીએ રે લોલ
બેનના આંગણે સુપર વીરાનું જોડું
એ જોડું કેમ કરી છોડશે રે લોલ
બેનના આંગણે સુપર કાકાનું જોડું
એ જોડું કેમ કરી છોડશો રે લોલ
બેનના આંગણે સુપર બનેવીનું જોડું
એ જોડું કેમ કરી છોડશો રે લોલ
બેનના આંગણે સુપર ભાભીઓનું જોડું
એ જોડું કેમ કરી છોડશો રે લોલ

બેનના આંગણે લીલી લીંમડી મારા સાયરામ
સાઇકલનો શોખે ન કરીએ રે લોલ
બેનના આંગણે સુપર બેનોનું જોડું
એ જોડું કેમ કરી છોડશો રે લોલ
બેનના આંગણે સુપર કાકીઓનું જોડું
એ જોડું કેમ કરી છોડશો રે લોલ
બેનના આંગણે લીલી લીમડી મારા સાયરામ
સાઇકલનો શોખે ન કરીએ રે લોલ.

•

કોરા કોરા ગલાસમાં મધ ભરીયું રે
ઉપર રસિયો સે મોર
કેમ રે બેનીના બાપુ અનબેલા રે
ઉપર રસિયો સે મોર
કેમ રે બેનીની માડી અનબેલા રે
ઉપર રસિયો સે મોર
તમારે દીકરી પરણાવવાનો શોખ ઘણો રે
ઉપર રસિયો સે મોર
કેમ રે બેનીના કાકા અનબેલા રે

ઉપર રસિયો સે મોર
તમારે ભતરીજ પરણાવવાનો શોખ ઘણો રે
ઉપર રસિયો સે મોર
કેમ રે બેનીની માડી અનબેલા રે
તમારે બેની પરણાવાનો શોખ ઘણો રે
ઉપર રસિયો સે મોર.

•

ખાટી મીઠી આંબલીનો મીઠો મીઠો રસ
સોના જેવી સાસરી પણ મૈયર જેવું નઈ
સોના જેવા સસરા પણ બાપુ જેવું નઈ
સોના જેવી સાસુ પણ માળી જેવું નઈ
ખાટી મીઠી આંબલીનો મીઠો મીઠો રસ
સોના જેવા જેઠ પણ વીરા જેવા નઈ
સોના જેવાં જેઠાણી પણ ભાભી જેવું નઈ
ખાટી મીઠી આંબલીનો મીઠો મીઠો રસ
સોના જેવી સાસરી પણ મૈયર જેવું નઈ.

•

ગુલાબનું ફૂલ તોડી જાવું રે જાવું બેની વાડીએ ના જાવું રે
બાપુનું જોડું તોડી જાવું રે જાવું બેની સાસરિયે ના જાવું રે
માતાનું જોડી તોડું જાવું રે જાવું બેની સાસરિયે ના જાવું રે
વીરાનું જોડું તોડી જાવું રે જાવું બેની સાસરિયે ના જાવું રે
બેનપનનું જોડું તોડી જાવું રે જાવું બેની સાસરિયે ના જાવું રે.

•

લીમડે વલિયારી વાવી ડાળે અંત્તર જાય છે
કોરાજના સુપર વીરા નિશાળ ભણવા જાય છે
તેજગઢના ડફોળ છોરા ડોબોં ચારવા જાય છે
કોરાજની સુપર બેનો કોલેજ કરવા જાય છે.
તેજગઢની ડફોળ છોરીઓ છોણો વીણવા જાય છે
લીમડે વલિયારી વાવી ડાળે અંત્તર જાય છે.

•

રેડિયાનું બટન બેની આસ્તે બટન પાડજો બેની
આસ્તે બટન પાડજો
પિતાને બોલજો બેની ધીમે રહીને બોલજો બેની
ધીમે રહીને બોલજો
સસરાને બોલજો બેની કડક થઈને બોલજો બેની

કડક થઈને બોલજો

રેડિયાનું બટન બેની આસ્તે બટન પાડજો બેની

આસ્તે બટન પાડજો

માતાને બોલજો બેની ધીમે રહીને બોલજો બેની

ધીમે રહીને બોલજો

સાસુને બોલજો બેની કડક થઈને બોલજો બેની

કડક થઈને બોલજો

રેડિયાનું બટન બેની આસ્તે બટન પાડજો બેની

આસ્તે બટન પાડજો

વીરાને બોલજો બેની ધીમે રહીને બોલજો બેની

ધીમે રહીને બોલજો

જેઠને બોલજો બેની કડક થઈને બોલજો બેની

કડક થઈને બોલજો

રેડિયાનું બટન બેની આસ્તે બટન પાડજો બેની

આસ્તે બટન પાડજો.

•

ઊંચા મંડપ નીચે ચાલવું રે

મારે નાનાં નીતાબેન

આપના પિતાને કેમ છોડવું રે
મારે નાનાં નીતાબેન
પારકા સસરાને કેમ ઓરવું રે
મારે નાનાં નીતાબેન
આપનાં માડીને કેમ છોડવું રે
મારે નાનાં નીતાબેન
પારકાં સાસુને કેમ ઓરવું રે
મારે નાનાં નીતાબેન
આપના વીરાને કેમ છોડવું રે
મારે નાનાં નીતાબેન
પારકા જેઠને કેમ ઓરવું રે
મારે નાનાં નીતાબેન
આપનાં બેનીને કેમ છોડવું રે
મારે નાનાં નીતાબેન
પારકાં નણંદને કેમ ઓરવું રે
મારે નાનાં નીતાબેન
આપના વીરાને કેમ છોડવું રે
મારે નાના નીતાબેન

પારકા દિયરને કેમ ઓરવું રે
મારે નાનાં નીતાબેન.

•

ભણતરમાં શું ભૂલિયાં જશોદાબેની
ભણતરમાં શું ભૂલિયાં જશોદાબેની
બાપુ સરખા સસરા ના મળ્યા ભણતરમાં શું ભૂલિયાં બેની
માડી સરખાં સાસુ ના મળ્યાં ભણતરમાં શું ભૂલિયાં બેની
વીરા સરખાં જેઠુ ના મળ્યા ભણતરમાં શું ભૂલીયાં બેની
ભણતરમાં શું ભૂલિયાં જશોદાબેની
ભાભી સરખાં જેઠાણી ના મળ્યાં ભણતરમાં શું ભુલિયાં બેની
બેની સરખાં નણંદ ના મળ્યાં ભણતરમાં શું ભૂલિયાં બેની
ભણતરમાં શું ભૂલિયાં જશોદાબેની.

•

વાડીમાં ગુલાબ ખીલસે વીરા ખીલવા દેવાનું,
વીરા ખીલવા દેવાનું
વાડીમાં બાપુ ફરસે રે ફરવા દેવાનું
વીરા બોલી લેવાનું
વાડીમાં સસરા ફરસે રે ફરવા દેવાનું વીરા,

નઈ રે બોલવાનું
વાડીમાં માડી ફરસે રે ફરવા દેવાનું વીરા,
બોલી લેવાનું
વાડીમાં સાસુ ફરસે રે ફરવા દેવાનું વીરા,
નઈ રે બોલવાનું
વાડીમાં વીરા ફરસે રે ફરવા દેવાનું વીરા,
બોલી લેવાનું
વાડીમાં સાળા ફરસે રે ફરવા દેવાનું વીરા,
નઈ રે બોલવાનું.

•

ઊંચા મંડપ બંધાવો નીચે ચકલી મુકાવો
દલસા તો નગરીના લોકો
એમના મામા તેડાવો એમની મામીઓ તેડાવો
દલસા તો નગરીના લોકો
એમના ફુવા તેડાવો એમની ફોયો તેડાવો
દલસા તો નગરીના લોકો
ઊંચા મંડપ બંધાવો નીચે ચકલી મુકાવો
દલસા તો નગરીના લોકો

એમના બનેવી તેડાવો એમની બેનો તેડાવો
દલસા તો નગરીના લોકો.

•

નોંનોં રે કોયલ બેની તમે વન વગડે ચેમ કરશો
શેટેથી સાઇકલ દેખુ જન મારે પિતા આવે,
હરશે ફરશે ઓટલે ચડશે માતાની વાટ જોશે
ઝોંઝરનો ઝનકારો વાગે જન મારે માતા રે આવે
શેટેથી ગાડિયો રે દેખું જન મારો વીરો આવે
હરશે ફરશે આટીલે ચડશે ભાભીની વાટ જોશે
ચુડીલોનો છનકાર વાગે જન મારે ભાભી રે આવે
નોંનોં રે કોયલ બેન તમે વન વગડે ચેમ કરશો.

•

લીલાં રે પીળાં તોરણિયાં બંધાવો રે બેની
બેની પયણે લીલે બાયણે
લીલા રે પીળા ભાયા તેડાવો રે બેની
બેની પયણે લીલે બાયણે
લીલી રે પીળી બેનોને તેડાવો રે બેની
બેની પયણે લીલે બાયણે

લીલાં રે પીળાં તોરણિયાં બંધાવો રે બેની
બેની પયણે લીલે બાયણે

•

ચંપા ચમેલી ગુલાબનું ફૂલ છે ગુલાબનો ગોટો કેવાય
સપનામાં બેનપણી સાંભળે (૨)
નિશાળે ભણવા જવા ત્યારે બેનપણીની સાથે ચોપડા તો પડી પડી જાય
સપનામાં બેનપણી સાંભળે (૨)
ચંપા ચમેલી ગુલાબનું ફૂલ છે, ગુલાબનો ગોટો કેવાય
સપનામાં બેનપણી સાંભળે (૨)
બજાર ફરવા જવા ત્યારે બેનપણીની સાથે રૂમાલ તો ઊડી ઊડી જાય
સપનામાં બેનપણી સાંભળે (૨)
ચંપા ચમેલી ગુલાબનું ફૂલ છે ગુલાબનો ગોટો કેવાય
સપનામાં બેનપણી સાંભળે (૨)
પિચ્ચર જોવા જવા ત્યારે વીરાની સાથે ટિકિટ તો ઊડી ઊડી જાય
સપનામાં બેનપણી સાંભળે (૨)

•

સામી ધેડે રમવા ના જશો બેનીની વીંટી લઈ લેશે રે
અમરોલના છોરા લુટારા બેનીની વીંટી લઈ લેશે રે

સામી ધેડે રમવા ના જશો બેનીનું ઘડિયાલ લઈ લેશે રે
અમરોલની છોરીઓ લુટારી બેનીનું ઘડિયાલ લઈ લેશે રે
સામી ધેડે રમવા ના જશો બેનીનું લોકીટ લઈ લેશે રે
અમરોલની છોરીઓ લુટારીઓ બેનીનું લોકીટ લઈ લેશે રે
સામી ધેડે રમવા ના જશો બેનીનું લોકીટ લઈ લેશે રે.

•

ઘડીએને ઘડીએ શનિવાર ફરતેલાં કુંવરબેન
હાવે શનિવાર છોડી મુયકારે
ઘડીએને ઘડીએ વીરાને મલતેલાં કુંવરબેન
હાવે વીરાને છોડી મુયકારે
ઘડીએ ને ઘડીએ બેનોને મલતેલાં કુંવરબેન
હાવે બેનોને છોડી મુયકારે
ઘડીએને ઘડીએ બાપુ ને મલતેલાં કુંવરબેન
હાવે બાપુને છોડી મુયકારે
ઘડીએને ઘડીએ માળીને મલતેલાં કુંવરબેન
હાવે માળીને છોડી મુયકારે.

•

આ છેડે વડલો પેલી છેડે પીપળો

પીપળાની કોરે મોરો પાણી પીવે રે
આ ઘેડે વીરા પેલી ઘેડે છોરો છોરાની
કોરે ભુંડળા પાણી પીવે રે.

•

ઝાઝા ઝાડુ મે જાવું પડયુ રે ગોરી બેની
ઘેરે બાપુ એખલા રે
ઝાઝા ઝાડુ મે જાવું પડ્યું રે ગોરી બેની
ઘેરે માળી એખલી રે
ઝાઝા ઝાડુ મે જાવું પડ્યું રે ગોરી બેની
ઘેરે ભાયો એખલો રે
ઝાઝા ઝાડુ મે જાવું પડ્યું રે ગોરી બેની
ઘેરે ભાભી એખલી રે.

•

કાળી કોયલડી સંદેશો મોકલે
કેમ કરી જાવું વીરા સામેના દેશમાં
નામે સે જયાબેન ગામે સે કિકાવાડા
કેમ કરી જાવું વીરા સામેના દેશમાં
ગામે સે કિકાવાડા તાલુકો ઉદેપુર

કેમ કરી જાવું વીરા સામેના દેશમાં
તાલુકો ઉદેપુર જિલ્લો વડોદરા
કેમ કરી જાવુ વીરા સામેના દેશમાં
કાળી કોયલડી સંદેશો મોકલે
કેમ કરી જાવું વીરા સામેના દેશમાં.

•

તમે કયા તે રોડે જવાના રે ભાવસિંગભાઇ
તમે તેજગઢના રોડે જવાના રે ભાવસિંગભાઇ
તમે કયા તે સારાના બનેવી થવાના રે ભાવસિંગભાઇ
તમે વીરોંના નથી થવાના રે ભાવસિંગભાઇ
તમે કઇ તે સારીના બનેવી થવાના રે ભાવસિંગભાઇ
તમે બેનોના નથી થવાના રે ભાવસિંગભાઇ
તમે કોના તે જમાઇ થવાના રે ભાવસિંગભાઇ
તમે સાસુના જમાઇ થવાના રે ભાવસિંગભાઇ
તમે માતાના નથી થવાના રે ભાવસિંગભાઇ
તમે સસરાના જમાઇ થવાના રે ભાવસિંગભાઇ
તમે પિતાના નથી થવાના રે ભાવસિંગભાઇ.

•

લીલા લીમડાનો કલર જાય રે બેની સાસર જવાનાં
સાથે વીરાનું જોડું જાય રે બેની સાસર જવાનાં
સાથે બેનોનું જોડું જાય રે બેની સાસર જવાનાં
સાથે બેનપણીનું જોડું જાય રે બેની સાસર જવાનાં
સાથે કાકોંનુ જોડું જાય રે બેની સાસર જવાનાં
સાથે કાકીઓનું જોડું જાય રે બેની સાસર જવાનાં.

•

તેજગઢ ગામના ઢોલિયા મંગાવો રે
ઢોલિયા સારુ વિકેશ રીસાય રે લો રે
વિકેશ સારુ ઘણા મોંગા રે
ગાડી સારુ વિકેશ રીસાય રેલો રે
તેજગઢ ગામની ગાડી મંગાવો
ઘોડા સારુ વિકેશ રીસાય રેલો રે
વિકેશ સારુ ઘોડા મંગાવો રે
કેમેરા સારુ વિકેશ રીસાય રેલો રે
વિકેશ સારુ કેમેરો મંગાવો રે
માંડવા સારુ વિકેશ રીસાય રે લો રે
તેજગઢ ગામના માંડવા મંગાવો રે

વિકેશ સારુ ઘણા મોંગા વો
ડી. જે સારુ વિકેશ રીસાય રેલા રે
વિકેશ સારુ ડી. જે મંગાવો રે.

•

બાપુ સે સિપેટ વિકેશ ઢોલિયા ના મલ્યા રે
માળી સે સિપેટ વિકેશ ઢોલિયા ના મલ્યા રે
એક આંટો પેણો વિકેશ કેમેરા ના મલ્યા રે
ભાઈ સે સિપેટ વિકેશ કેમેરા ના મલ્યા રે
ભાભી સે સિપેટ વિકેશ કપડાં ના મલ્યા રે
એકે આંટો પેણો વિકેશ ઢોલિયા ના મલ્યા રે
બેન સે સિપેટ વિકેશ ડી. જે ના મલ્યુ રે
બનેવી સે સિપેટ વિકેશ વીંટી ના મલી રે.

•

એરે મોંડવળો કંઈ ફેરી ઓરયો
ખોંપનારે ખોંપીઓ ને રે પોંકનારે પાંકયો રે
એરે મોંડવળો કંઈ ભાઈઓએ ફેરી ઓરયો રે
ભાઈઓએ ખોંપીઓ નેરે ભાભીએ પોકયો રે
પિતાએ ખોંપીઓ ને રે માડીએ પોકયો રે.

•

ચોકમાં બદામ રોપાવો રેણુબેન
બદામ ઉપર માયક બંધાવો રેણુબેન
બેનોને બોલી સંભળાવો રેણુબેન
ચોકમાં બદામ રોપાવો રેણુબેન
બનેવીઓને બોલી સંભળાવો રેણુબેન

•

લીલુડિયા મગ વાવ્યા વેગડા રે
માંડવેથી કયાં બેની વેગડા રે
માંડવેથી ઉષાબેની વેગડા રે
માંડવેથી ગીતાબેની વેગડા રે
લીલુડિયા મગ વાવ્યા વેગડા રે
માંડવેથી કયા બનેવી વેગડા રે
માંડવેથી કનુબનેવી વેગડા રે
માંડવેથી વિપીન બનેવી વેગડા રે

•

ઊડતી કોયલડી સંદેશો મોકલે
કેમ કરી જાવું વીરા સામેના દેશમાં
નોમ ન જાણ્યું ગામે ન જાણ્યું

કેમ કરી જાવું વીરા સામેના દેશમાં
ગામે હરદાસપુર નામે રેણુબેન
એમ કરી જાવું વીરા સામેના દેશમાં
માતા સે કાન્તાબેન પિતા સે વિઠ્ઠલભાઈ
એમ કરી જાવું વીરા સામેના દેશમાં
ઊડતી કોયલળી સંદેશો મોકલે
કેમ કરી જાવું વીરા સામેના દેશમાં.

•

કાચું લીંબુ બેની તોડી ના બગાડશો
કાચું લીંબુ બેની તોડી ના બગાડશો
ઓછી ઉંમર બેની પરણી ના બગાડશો
ઓછી ઉંમર બેની પરણી ના બગાડશો.

•

ગુલાબનો ગોટો દરિયામાં ફરતું ફરે
મારા બેની રસ્તામાં યાદ આવશે
બેનપણીનું જોડું તેજગઢમાં ફરતું ફરે
મારા બેની સપનામાં યાદ આવશે
વીરાનું જોડું જેતપુરમાં ફરતું ફરે

મારાં બેની સાસરમાં યાદ આવશે
ભાભીઓનું જોડું જેતપુરમાં ફરતું ફરે
મારાં બેની સાસરમાં યાદ આવશે
ગુલાબનો ગોટો દરિયામાં ફરતું ફરે
મારાં બેની રસ્તામાં યાદ આવશે
કાકીઓનું જોડું બોડેલીમાં ફરતું ફરે
મારાં બેની સાસરમાં યાદ આવશે
કાકાઓનું જોડું વડોદરામાં ફરતું ફરે
મારાં બેની સાસરમાં યાદ આવશે
ગુલાબનો ગોટો દરિયામાં ફરતું ફરે
મારાં બેની રસ્તામાં યાદ આવશે
બેનોનું જોડું બજારમાં ફરતું ફરે
મારાં બેની સાસરમાં યાદ આવશે
બનેવીનું જોડું બજારમાં ફરતું ફરે
મારાં બેની સાસરમાં યાદ આવશે
ગુલાબનો ગોટો દરિયામાં ફરતું ફરે
મારાં બેની રસ્તામાં યાદ આવશે.

•

કાળી કોયલ બેની એકવાર બોલે
કાળી કોયલ બેની એકવાર બોલે
બેનપણીઓમાં ફરવાનું બેનને હવે નથી મળે
કાળી કોયલ બેની એકવાર બોલે
વીરામાં ફરવાનું બેનને હવે નથી મળે
બાપુ કહેવાનું બેનને એકવાર મળે
કાળી કોયલ બેની એકવાર બોલે
માતા કેવાનું બેનને એકવાર મળે
કાળી કોયલ બેની એકવાર બોલે

•

બેની કઈ નિશાળોમેં ભણતેલાં રે
બેની કઈ નિશાળોમેં ભણતેલાં રે
બેની તેજગઢ નિશાળો મેં ભણતેલાં રે
બેની તેજગઢ નિશાળો મેં ભણતેલાં રે
બેની કઇ કોલેજો મેં ભણતેલાં રે
બેની કઈ કોલેજો મેં ભણતેલાં રે
બેની ઉદેપુર કોલેજો મેં ભણતેલાં રે
બેની ઉદેપુર કોલેજો મેં ભણતેલાં રે.

•

એકે લાલે દરવાજે તંબુ તોંનિયા
બેનને સાસરે જવાનુ આવે એખલાં
એકે ભાયા સોડીને જવું પડે
બેન સાસરે જવાનું આવે એખલાં
એકે બેનો સોડીને જવું પડે
બેન સાસરે જવાનું આવે એખલાં.

•

મારે નોંનાં બેનને પેણવાનો ઘણો હોંસ
હોંસે દિવેલિયા બરે
મારે નોંનાં બેનને સસરા કેવાનો ઘણો હોંસ
હોંસે દિવેલિયા બરે
મારે નોંનાં બેનને સાસુ કેવાનો ઘણો હોંસ
હોંસે દિવેલિયા બરે
મારે નોંનાં બેનને સાસરે જવાનો ઘણો હોંસ
હોંસે દિવેલિયા બરે

•

ઓ બેની કાં રમવા જે'લાં
ને કાં તમારાં મન મોયાં રે

ઓ બેની નિહાળ ભણવા જે'લાં રે
હાઈસ્કૂલમાં તમારાં મન મોયાં રે.

•

લીલી લીલી વાડી રે
કેલધરા ગામની વાડી રે
લીલો વેલો નમે
સૂકી સૂકી વાડી રે
રૂમડિયા ગામની વાડી રે
સૂકો વેલો નમે.

•

લવિંગનું ફૂલ બેની ચંપાના મોગરે ઊતારે
સિહાદામેં રે'લાં બેની રંગપુરમેં ચેન નીં પડે
બાપા જોડે રે'લાં બેની સસરા જોડે ચેન નીં પડે
માડી જોડે રે'લાં બેની સાસુ જોડે ચેન નીં પડે
બેની જોડે રે'લાં બેની રાંડો જોડે ચેન નીં પડે.

•

ચંદન તલાવડીનું રમઝમતું પાણી બેની
લીંબુનું સરબત બનાવી લીજો રે

નદીએ ઓવારે બેનો રે મલ હે
બેનોની કોપી ખેંસાવી લીજો રે
નદીએ ઓવારે ભાયો રે મલ હે
ભાયાની કોપી ખેંસાવી લીજો રે
નદીએ ઓવારે ભાયબંધ રે મલ હે
ભાઈબંધની કોપી ખેંસાવી લીજો રે.

•

માંડવે ગુલાબનો ગોટો,
માંડવ રસાવો રે
જાનકીબેનના મામા આવે,
માંડવો પાંસ રાખો રે.
લીલો રૂમાલ સે ઘૂમસાવાળો,
વારે વારે બેનાં લેતાં જવાનાં.

•

ઊંસા ઊંસા ડુંગીરામેં હાહરી ખોળેલી,
હાહરે જવાનાં બેનને સરતો નીં આવે
નાનાં હુતાં ને બેની બાપો કીધેલું,
હહરો કે'વાનાં બેનને સરતો નીં આવે.

નાનાં હુતાંને બેની માડી કીધેલું,
હાહુ કે'વાનાં બેનને સરતો નીં આવે.

•

બેની ઊંસી મેડીને નીસેં ઝંરિયાં કામેડાં રે,
બેનીનો બાપો આવેને બેની ખોલી દે કામેડાં રે,
બેનીની માડી આવે ને બેની ખોલી દે કામેડાં રે
બેનીની બેની આવેને બેની ખોલી દે કામેડાં રે
બેનીનો ભાયો આવેને બેની ખોલી દે કામેડાં રે.

•

ઓટીલા ઉપર બેઠાં રે બેની મનમેં વસારે,
ઓટીલા ઉપર બેઠાં રે બેની મનમેં વસારે,
બાપો સોડીને બેઠાં રે બેની મનમેં વસારે,
બાપો સોડીને બેઠાં રે બેની મનમેં વસારે,
માડી સોડીને બેઠાં રે બેની મનમેં વસારે
માડી સોડીને બેઠાં રે બેની મનમેં વસારે.

•

ઘણાંનીં રડો બેની ઘણાં ની રડો રે
હપનામેં આવહે બેની રોજે રડાવે
બાપાની આવે બેની માડીનીં આવે રે
હપનામાં આવહે બેની રોજે રડાવે
ભાયોનીં આવે બેની ભાભીનીં આવે રે
હપનામેં આવે હે બેની રોજે રડાવે.

•

બેની રડતેલાં છાનાં રી'જો રે
આગળ આવે મામાનાં ગામું રે.
બેની રડતેલાં છાનાં રી'જો રે.
આગળ આવે બેનીનાં ગામું રે
ઘણાં ના રડો બેની ઘણાં ના રડો રે,
ગાડીએ બહીન આવે બેની તારા મામા રે
ઘણાં ના રડો બેની ઘણાં ના રડો રે,
ગાડીએ બહીને આવે બેની તારાં મામી રે
ખેતર જતાં ભાઈ જોડે, ઘરે આવતાં ભાભી જોડે
ઓ મારી બેન રે, એવો જોડો કેમ છોયડો.

•

મેડીએ રી'ને બેની સીટી મારે રે.

બેની મેડીએ રૂવે...... (૨)

બેનીનો બાપો ઘરે વાટ જોવે રે,

બેની મેડીએ રૂવે.......(૨)

•

મારે નોંનોં બેનને પેણવાનો ઘણો હોંસ

હોંસે દિવેલિયા બરે

મારે નોંનોં બેનને સસરા કેવાનો ઘણો હોંસ

હોંસે દિવેલિયા બરે

મારે નોંનોં બેનને સાસુ કેવાનો ઘણો હોંસ

હોંસે દિવેલિયા બરે

મારે નોંનોં બેનને સાસરે જવાનો ઘણો હોંસ

હોંસે દિવેલિયા બરે.

• • •

સોંયતેક વિધિનાં ગીતો

વર હોય ત્યારે સોંયતકની વિધિ (ગ્રહશાંતિ) લગ્નના ત્રીજા દિવસે એટલે કે માંડવાના દિવસે સાંજે કરવામાં આવે છે. ઘણાં ખરાં બેઠકના દિવસે પણ કરે છે અને જો કન્યા હોય તો સોંયતકની પૂજા વિધિ બેઠકના દિવસે સાંજે કરવામાં આવે છે. સોંયતકની વિધિ વર કે કન્યાનાં માતા-પિતા અથવા ભાઈ-ભાભી કરતાં હોય છે. સોંયતકની વિધિમાં કુટુંબ, ફળિયું, ગામ તથા સગાં-વહાલાં બધાં મંડપમાં બેસતાં હોય છે. જેમાં સ્ત્રી, બાળકો, યુવાનો તેમજ વૃદ્ધ માણસો પણ બેસે છે અને કપડાં અથવા પૈસાનો વહેવાર કરે છે. પહેલાંના સમયમાં સોંયતકની વિધિ કરવામાં આવતી ન હતી અને હાલના સમયમાં પણ અમુક ગામડાંઓમાં જ આવા પ્રકારની વિધિ કરવામાં આવે છે. ઘણાં ખરાં ગામડાંઓમાં સોંયતકની જગ્યાએ વિલ્લા ઢોળવાની વિધિ પણ કરવામાં આવે છે.

બોમણલા તું આયો તારી બોમણીને કેમ ના લાયો
આવે સે ભાઈ આવે સંખેડામાં આવે
આવે સે ભાઈ આવે સાડીઓ પેરતા આવે
આવે સે ભાઈ આવે ફેંટો બાંધી આવે.

•

બોમુણ કરો રે ઉતાવળ બોમણું ઝટપટિયું
બોમુણને ડુંગળી જેવા ડોળા રે બોમણું ઝટપટિયું
પૂજારા કરો રે ઉતાવળ પૂજારુ ઝટપટિયું
પૂજારાને સૂપડા જેવા કાન રે પૂજારુ ઝટપટિયું
પૂજારાને ડુંગળી જેવા ડોળા રે પૂજારુ ઝટપટિયું
પૂજારાને નળિયા જેવું નાક રે પૂજારુ ઝટપટિયું.

•

બોમણલા તને ચોરી ના આવડે ચોરી રે
બોમણલા તને ચિતરી બતાવું ચોરી રે
બોમણલા તને રંગી બતાવું ચોરી રે.

•

આંબાની મોરેલી ડાળ ટોડીલે મોર બોલે રે
કેટલી વાર શંકરભાઈ માંડવે બેનો બોલે રે
કેટલી વાર શંકરભાઈ માંડવે બેનો બોલે રે
કેટલી વાર અમરીભાભી માંડવે નણંદો બોલે રે
કેટલી વાર અમરીભાભી માંડવે નણંદો બોલે રે
મારી નથી વાઇરો તમાર ભાભીની વાઇરો રે

મારી નથી વાઇરો તમાર ભાભીની વાઇરો રે.

•

માંડવે કસ્તુરીનો વેલો કસ્તુરી રંગ લાઇગો
મારાં ભાભી સાડીઓ પેરવા રીસાઇ કસ્તુરી રંગ લાઇગો
મારાં ભાભીન સાડી નથી લાઇવા કસ્તુરી રંગ લાઇગો
મારાં ભાભી ઘડિયાલ પેરવા રીસાય કસ્તુરી રંગ લાઇગો
મારાં ભાભીન ઘડિયાલ નથી લાઇવા કસ્તુરી રંગ લાઇગો
મારાં ભાભી કડાં પેરવા રીસાઇ કસ્તુરી રંગ લાઇગો
મારાં ભાભીન કડાં નથી લાઇવા કસ્તુરી રંગ લાઇગો.

•

પેલે રે સોંયતકડે મારે સંજયભાઈ રે આવે...(૨)
બીજે રે સોંયતકડે મારે ટીના ભાભી આવે... (૨)

•

આગળ મારે શંકરભાઈ પાછળ અમરી હોંપે રે
આગળ મારે શંકરભાઈ પાછળ અમરી ડોબી હોંપે રે
આગળ મારે શંકરભાઈ પાછળ અમરી કુતરી હોંપે રે
આગળ મારે શંકરભાઈ પાછળ અમરી ભુંડળી હોંપે રે.

•

સંખેડા તે શેરની માંચીઓ મંગાવો
મારા વીરાને માંચીએ બેસાડો
તેજગઢ ગામનું ડેંચરીયું મંગાવો
પેલી છોરીને ડેંચરીએ બેસાડો
પેલી રોજોની ને ડેંચરીએ બેસાડો.

•

વીરા ભાભી સામું દેખ જાણે દેડકી દબાઈ
ભાભી વીરા સામું દેખ જાણે સાગનો છોટો
મારો વીરો દેખાઈ જણ સાગનો સોટો
વીરા ભાભીસામુ દેખ જણ ખેરનું ઠૂંઠું.

•

ટકા પૈસા વગર સોંયતેકે બેઠી રે છોરી પાય લંગડી
મારા ભાયા જોડે ઉછીના લીધા રે છોરી પાય લંગડી
ટકા પૈસા વગર સોંયતેકે બેઠી રે છોરી પાય લંગડી.

•

મારો વીરો બેઠો જન આવોરનું ફૂલ મારો ...(૨)
પેલી છોરી બેઠી જન ડુંગરનું રીછ ... (૨)

મારો વીરો બેઠો જન સાગનો સોટો ... (૨)
પેલી છોરી બેઠી જન ખેરનું ઠૂંઠું ... (૨)

•

લીલા લેર મદેળુ તાળે ચઢે
લીલા લેર ભાભીને લેતું ચઢે
લીલા લેર અરદેથી પડતી મેલે.

•

ખાડા ખબોચિયામાં ગધેડા મૂલવાય રે વાલા
ખાડા ખબોચિયામાં ગધેડા મૂલવાય રે વાલા
ગધેડાનું મુલ એવું મનિષા તારું મૂલ રે વાલા
ખાડા ખબોચિયામાં હાથીડા મૂલવાય રે વાલા
હાથીડાનું મુલ એવું મનિષા તારું મૂલ રે વાલા
ખાડા ખબોચિયામાં ઘોડા મૂલવાય રે વાલા
ઘોડાનું મૂલ એવું મનિષા તારું મૂલ રે વાલા
ખાડા ખબોચિયામાં કૂતરીઓ મૂલવાય રે વાલા
કૂતરીઓનું મૂલ એવું મનિષા તારું મૂલ રે વાલા
ખાડા ખબોચિયામાં કૂકડા મૂલવાય રે વાલા
કૂકડાનું મૂલ એવું મનિષા તારું મૂલ રે વાલા

ખાડા ખબોચિયામાં ભૂંડળિયો મૂલવાય રે વાલા
ભૂંડળીયોનું મૂલ એવું મનિષા તારું મૂલ રે વાલા.

•

ની સંભાળાય તે શું કરવા આવેલિયો
વેવા ખાવા આવેલિયો કે ઝુમાવા આવેલિયો
એલી વેવાણીને કાઠું લાયગું.

•

વેવોનો દુઃખ નથી મોંનો વેવોનો સે મોંમલો
વેવાયો દુઃખ નહીં માનો વેવોનો સે મામલો.

•

અમરી તારોં વેવારિયોં કેટલેક આવે રે
આવતોં આવતોં વાળો મેં ઝેલાય જેલોં રે
અમરી તારોં વેવારિયો કેટલેક આવે રે
આવતોં આવતોં નદિઓમેં ડૂબી જેલોં રે.

•

જરાક નેચી પઈડી રોજોની છોરી
જરાક નેચી પઇડી.

•

આંબાની કરમની ડાળ ટોડીલે મોર બોલે રે
કેટલી વાર કોકિલાબેન ટોડીલે મોર બોલે રે
કપડાં પહેરું એટલી વાર માંડવે બેનો બોલે રે.

•

ઓંખો કોઈને કાળે રમલી ઓંખો કોઈને
કાળે તારા ઘરની શોભા સે ઓંખો કોઈને કાળે
નીચું શું જુવે રમલી નીચું શું જુવે
તારા ઘરની શોભા સે નીચું શું જુવે
આડું શું જુવે રમલી આડું શું જુવે
તારા ઘરની શોભા સે આડું શું જુવે
ડોળા કોઈને કાળે રમલી ડોળા કોઈને
કાળે તારા ઘરની શોભા સે ડોળા તોઈને કાળે
ઊચું શું જુવે રમલી ઊચું શું જુવે
તારા ઘરની શોભા સે ઊચું શું જુવે.

•

વીરા ઉગમના બેસો બેનો ખોપરો વધાવે
વીરા ઉગમના બેસો બેનો ખોપરો વધાવે
છોરી ઉગમની બેસો છોરીઓ ઠીકરોં વધાવે
છોરી ઉગમની બેસો છોરીઓ ઠીકરોં વધાવે.

•

નેચરો વિલાસબેન માંઈડવે રે
સામી કબાટે બે જોડી ચણિયા બે જોડી કબજા
તે પેરી નેચરો માંઇડવે રે
સામી કબાટે બે જોડી સાળીઓ તે પેરી નેચરો માંઇડવે રે.

•

માંડવે રઈને મામા બોલાવે બેની શું પહેરી નિસરું માંઈડવે રે
ન મળે સાડી ન મળે ચણિયો શું પહેરી નિસરું માંઈડવે રે
ન મળે દોરા ન મળે વીંટીઓ શું પહેરી નિસરું માંઈડવે રે
ન મળે નથણી ન મળે કડીઓ શું પહેરી નિસરું માંઈડવે રે
ન મળે કંદોરો ન મળે ઝુંમર શું પહેરી નિસરું માંઈડવે રે
ન મળે કલિયા ન મળે ઝાંઝરી શું પહેરી નિસરું માંઈડવે રે
ન મળે ચુંદડી ન મળે પાનેતર શું પહેરી નિસરું માંઈડવે રે

માંડવે રઈને મામા બોલાવે શું પહેરી નિસરું માંઈડવે રે.

•

મારાં બેન ખોબલો ઘરીને વાટ જુવે ગામના વીરા હજુ નહીં આયવા.
મારાં બેન ખોબલો ઘરીને વાટ જુવે ગામનાં બેનો હજુ નહીં આયવાં.
મારા બેન ખોબલો ધરીને વાટ જુવે બનેવી હજુ નહીં આયવા.
મારાં બેન ખોબલો ઘરીને વાટ જુવે ફોઈ ફુવા હજુ નહીં આયવા.
મારાં બેન ખોબલો ઘરીને વાટ જુવે મામા-મામીઓ હજુ નહીં આયવા.

•

ઝેવો -તેવો ચણિયો લાવે લીલી માસી
પૈસાનો ચણિયો લાવે લીલી માસી
મારોં બેનને ઠગવા આવે લીલી માસી
ઝેવી-તેવી સાળી લાવે લીલી મોંમીઓ
ટકાની સાળી લાવે લીલી મોંમીઓ
મારોં બેનને ઠગવા આવે લીલી મોંમીઓ
ઝેવો-તેવો કબજો લાવે લીલી બેનો
રૂપિયાનો કબજો લાવે લીલી બેનો
મારોં બેનને ઠગવા આવે લીલી બેનો

ઝેવી તેવી વીંટી લાવે લીલી બેનો
પૈસાની વીંટી લાવે લીલી બેનો.
મારોં બેનને ઠગવા આવે લીલી બેનો.

•

બેની બેનો આવે તો અડી રીજો રે
બેની બનેવી આવે તો અડી રીજો રે
બેની રમીલા આવે તો અડી રીજો રે
બેની બેનપણ આવે તો અડી રીજો રે.

•

હળવી ધીમી ચાલેલી માવલી નાનું બાળક બીવસે રે
આડું જોઈને ચાલેલી માવલી બાયણામાં જઈને અથડાઈ રે
મારા ભાયાનો હાથ પકડલી માવલી નાનું બાળક બીવસે રે
મારા ભાયાની પાછળ ચાલલી માવલી નાનું બાળક બીવસે રે.

•

વેવોણો દુઃખ નથી માને વેવોનો સે મોમલો
વેવાયો દુઃખ નથી માને વેવોનો સે મોમલો
ભાભીયો દુઃખ નથી માને વેવોનો સે મોમલો

બેનો દુ:ખ નથી માને વેવોનો સે મોમલો
હરિયા દુ: ખ નથી માને વેવોનો સે મોમલો
લીલાં દુ: ખ નથી માને વેવોનો સે મોમલો
હસમુખ દુ: ખ નથી માને વેવોનો સે મોમલો
ઉષા દુ:ખ નથી માને વેવોનો સે મોમલો
અશોક દુ: ખ નથી માને વેવોનો સે મોમલો
ધની દુ:ખ નથી માને વેવોનો સે મોમલો.

•

છોરી ગમની ખાદેલી છોરી વાયે ઊડી જાય
વીરો કોદરા ખાદેલા વીરો અમર ઝોલા ખાય
છોરી શીરો ખાદેલો છોરી હાલન-ડોલન થાય
વીરો રોટલા ખાદેલા વીરો અમર ઝોલા ખાય.

•

બરાબરીમાં રેજો રોજોંની છોરી બરાબરીમાં રેજો
બરાબરીમાં રેજો રોજોંની છોરી બરાબરીમાં રેજો
જરાક નીચી પડી રોજોંની છોરી જરાક નીચી પડી
જરાક નીચી પડી રોજોંની છોરી જરાક નીચી પડી.

•

સવિતા સોઈતેક કરવા રડે

કેસુડી રંગલો

એને સોઈતેકે બહાડો

કેસૂડી રંગલા.

• • •